જાન્યુઆરી ૨૦૨૬

# દાદાવાણી

કિંમત ₹ ૨૦



રૂમમાં સીલબંધ પેટ્રોલના ડબ્બા હોય,
પણ આ રૂમમાં કોઈ બીડી પીવે
તોય ડબ્બા સળગી જાય.
પેટ્રોલ અને અગ્નિ એ બે જોડે ના મૂકાય.
સ્ત્રી-પુરુષોનું સાથે રહેવું પણ એવું છે,
માટે સ્ત્રી-પુરુષોએ 'બિવેર ઑફ પેટ્રોલ'
એવું બોર્ડ મારવું.



## દાહોદ : ત્રિમંદિરનું ખાત મુહૂર્ત : તા. ૨૩ નવેમ્બર ૨૦૨૫



## જાંબુઘોડા - પાવાગઢ : સુથ રિટ્રીટ : તા.૨૪ થી ૨૬ નવેમ્બર ૨૦૨૫



વર્ષ : ૩૧, અંક : ૫
સળંગ અંક : ૩૬૫
**જાન્યુઆરી ૨૦૨૬**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2026
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'મિશ્રચેતન' : બિવેર ઑફ પેટ્રોલ

### સંપાદકીય

આ જગતમાં મોટામાં મોટી ફસામણ હોય તો એ વિષયની છે. જગત આખું અજ્ઞાન માન્યતાથી વિષયના સુખમાં લટક્યું છે. વિષયની આસક્તિમાંથી કકળાટ ઊભા થાય પછી વેર બંધાય છે ને તેથી આ સંસાર ઊભો છે. વેર વધારવાનું મુખ્ય કારખાનું કયું છે ? આ સ્ત્રીવિષય અને પુરુષવિષય ! વેર શાથી બંધાય છે ? અભિપ્રાય ભિન્ન છે તેથી, બે મન એક ના થઈ શકે એટલે સામસામા દાવા માંડે. આ વિષયનું વેર બહુ ઝેરી હોય છે. વિષય ભોગવે રાગથી ને જ્યારે એનું પરિણામ આવે ત્યારે દ્વેષ આવે. રાગથી વીંટ્યું, દ્વેષથી ઉકલે ને નર્યું વેર બાંધે.

આ વિષય છે તેથી મિશ્રચેતન ભેગું થાય છે. મિશ્રચેતન એટલે શું ? સ્ત્રીને પુરુષ એ મિશ્રચેતન છે અને પુરુષને સ્ત્રી એ મિશ્રચેતન છે. આ મિશ્રચેતન તો 'ફાઈલ' કહેવાય. પૂર્વભવનો હિસાબ બંધાઈ ગયેલો હોય, 'દેખત ભૂલી'નો હિસાબ થઈ ગયો એટલે એક વાર જાળમાં આવ્યા પછી નીકળવું મુશ્કેલ છે. આપણી સ્વતંત્રતા ખોવાઈ જાય ને તદ્દન પરવશ કરે, માટે ચેતતા રહેવું ! એટલે મિશ્રચેતનનું ખાતું જ રાખવા જેવું નહીં છતાં હોય તો પછી એ ખાતાનો જાગૃત રહી સમભાવે નિકાલ કરી નાખવાનો.

પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રી મિશ્રચેતન જોડેના વિષયનું જોખમ સમજાવતા કહે છે કે સ્ત્રી-પુરુષોમાં બંનેને સંતોષ હોય તોય આ કળિયુગના આધારે બહાર કંઈક જુએ છે ત્યારે દૃષ્ટિ મંડાઈ છે ને મીઠાશ વર્તે એ મોટામાં મોટું ભય સિગ્નલ છે. પેટ્રોલ અને અગ્નિ એ બે જોડે ના મૂકાય. છતાં વ્યવહારમાં સ્ત્રી-પુરુષ જોડે તો આવશે ત્યારે આટલું ચેતીને ચાલવાનું કે દીવાસળી ના પડવી જોઈએ. સીલબંધ પેટ્રોલના ડબ્બામાં હવા પણ ના નીકળે એવા હોય, છતાં આ રૂમમાં કોઈ બીડી પીવે તોય ડબ્બા સળગી જાય માટે સ્ત્રી-પુરુષોએ 'બિવેર ઑફ પેટ્રોલ' એવું બોર્ડ મારી ચેતીને ચાલવું. એટલે શું કે સ્ત્રી-પુરુષે બિલકુલ લપ્પન-છપ્પન રાખવી નહીં, એ ભયંકર રોગ છે માટે મિશ્રચેતનથી છેટા રહેજો. મિશ્રચેતન તો મોક્ષે જતા રોકી રાખે એવું છે. મિશ્રચેતનથી જે ચેત્યો, એનું કલ્યાણ થઈ ગયું !

મોક્ષાભિલાષી દરેક વ્યક્તિઓને આ કલ્પિત વિષયના સુખમાંથી છૂટવા માટે વિષયનું વિકરાળ સ્વરૂપ ઓળખી, વિષયના પરિણામો જાણી અને વિષયમાં સુખ છે એ 'બિલીફ' છેદવાનો પુરુષાર્થ આવશ્યક છે. મહાત્માઓએ આ આત્મજ્ઞાન મળ્યા પછી વિષયથી છૂટાય એવા ભાવ રાખવા. આ જ્ઞાન એવું છે કે વિષય સિવાય પણ મહીંનું અંદરનું સુખ રહે છે, માટે જ્ઞાનને જાણી રાખવાનું છે. જ્ઞાન જાણેલું હશે તો દર્શનમાં આવશે, સમજણમાં આવશે. બિલીફ બદલાતા બધા વિષયો એની મેળે આપોઆપ છૂટી જાય, ખરી પડે. 'જ્ઞાન-આજ્ઞાના' પુરુષાર્થથી આપણા સહુની વિષયની ગ્રંથિ સંપૂર્ણ નિર્મૂળ થાય એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# 'મિશ્રચેતન' : બિવેર ઑફ પેટ્રોલ

## (સૂત્ર - ૧)

**આ મોટામાં મોટી ફસામણ દુનિયામાં હોય તો વિષય અને એમાં કશુંય સુખ નથી, બળ્યું ! અને એના ઝઘડા પાર વગરના ઊભા થાય છે !**

**પ્રશ્નકર્તા :** મેં ઘણા સારા મહાત્માઓ જોયા છે, મોટી મોટી જ્ઞાનની વાતો કરે છે પણ એમનો સ્થૂળ ક્લેશ નથી જતો. સૂક્ષ્મ ક્લેશ તો વખતે હોય, એ ના જાય, પણ સ્થૂળ ક્લેશ આપણાથી કેમ ના જાય ?

**દાદાશ્રી :** એવું. આ બધાનું મૂળ છે વિષય. અને આ મોટામાં મોટી ફસામણ દુનિયામાં હોય તો વિષય અને એમાં કશુંય સુખ નથી, બળ્યું ! અને એના ઝઘડા પાર વગરના ઊભા થાય છે ! ડખાડખ શાથી ઘરમાં થાય છે ? બેઉ વિષયી હોય, જાનવર જેવા વિષયી હોય, પછી આખો દહાડો અથડામણ થયા કરે.

**પ્રશ્નકર્તા :** પણ મને એ સમજણ પડતી નથી કે ઝઘડો અને વિષય, એ બેને મેળ કેમનો ખાય ? મારઝૂડ સુધીનો ક્લેશ અને વિષય, એ બેને મેળ ખાય ? શું માણસ ત્યારે આંધળો બની જતો હશે ?

**દાદાશ્રી :** અરે, સામસામી મારે.

**પ્રશ્નકર્તા :** હા, પણ વિષયના પરમાણુ ઊભા થાય ત્યારે આંધળો બની જતો હશે ? એને મહીં યાદ નહીં આવતું હોય કે આપણે મારામારી કરતા હતા ?

**દાદાશ્રી :** આ મારામારી કરે ને, ત્યારે તો વિષયની મઝા આવે એમને ! પાછું સ્વમાન જેવું કશું નહીં. પેલી આને ધોલ મારે, ત્યારે આ પેલીને ધોલ મારે. પાછો ધણી અમને આવીને કહી જાય કે મને મારી બૈરી મારે છે ! ત્યારે હું કહુંય ખરો કે હેં, તારે તો આવી મળી ! તો તો તારું કલ્યાણ થઈ જાય (!)

**પ્રશ્નકર્તા :** આ બધો ફજેતો સાંભળતા જ આમ ત્રાસ થઈ જાય કે આ લોકો કેવી રીતે જીવતા હશે ?

**દાદાશ્રી :** છતાંય જીવે છે ને ! દુનિયા તેં જોઈ ને ! અને ના જીવે તો શું કરે ? ત્યારે કંઈ મરી જવાય છે ?

**પ્રશ્નકર્તા :** પણ આપણને આ બધું જોઈને કંપારી છૂટી જાય. પાછું એમ થાય કે રોજ ને રોજ આવા જ ઝઘડા ચાલ્યા કરે, છતાં ધણી-બૈરીને આનો ઉકેલ લાવવાનું મન ના થાય, એ અજાયબી છે ને ?

**દાદાશ્રી :** એ તો કેટલાય વર્ષોથી પૈણ્યા ત્યારથી આવું ચાલે છે. પૈણ્યા ત્યારથી એક બાજુ ઝઘડાય ચાલુ છે અને એક બાજુ વિષયે ચાલુ છે ! એટલે આ બધી વઢવાડ પોતાની ગરજના માર્યા કરે છે. પેલી જાણે કે એ છેવટે ક્યાં જવાના છે ? પેલોય જાણે કે એ ક્યાં જવાની છે ? આમ સામસામી ગરજથી ઊભું રહ્યું છે.

આ સંસારમાં બધાએ એવો માર ખાધેલો છે, તોય પણ વૈરાગ નથી આવતો એય એક અજાયબી છે ને ! એવો ને એવો માર, કોઈ બીજી જાતનો, ત્રીજી જાતનો, બધો સંસાર માર જ ખાય છે. માર એટલે લપકા કરે, તુંકારા કરે, મતભેદ પડે, એય માર કહેવાય. આ સંસાર નરી ફસામણ છે. ફસાયા પછી નીકળાય નહીં. અરે, આ કાદવમાં ઊંડો ઊતરે તોય ના નીકળાય ને ! કાદવમાં ગરક્યા પછી નીકળવા જેમ જેમ પ્રયત્ન કરે, તેમ તેમ વધારે ને વધારે ગરકાય !

**(સૂત્ર - ૨)**

**આ તો વિષયની ભીખ માંગે છે એટલે એ બધા જાનવર કરતાંય ભૂંડા જ કહેવાય ને ! ભૂખ્યા થયા હો તો કંઈ ભીખ મંગાતી હશે ? કંઈ શૂરવીરપણું જોઈએ કે ના જોઈએ ?**

સ્ત્રીઓ ધણીને દબડાવે છે, એનું શું કારણ ? પુરુષ બહુ વિષયી હોય, એટલે દબડાવે. આ સ્ત્રીઓ જમવાનું જમાડે છે તેથી દબડાવતી નથી, વિષયથી દબડાવે છે ! જો પુરુષ વિષયી ના હોય તો કોઈ સ્ત્રી દબડાવે જ નહીં ! નબળાઈનો જ લાભ લે, પણ જો નબળાઈ ના હોય તો સ્ત્રી કશું નામ જ ના દે.

સ્ત્રી જાતિ વશ ક્યારે થાય ? આપણે વિષયમાં બહુ સેન્સિટિવ હોઈએ તો, એ આપણને વશ કરી નાખે ! પણ આપણે વિષયી હોઈએ પણ એમાં સેન્સિટિવ ના થઈએ તો એ વશ થાય ! જો એ 'જમવા' (વિષય માટે) બોલાવે તો તમે કહો કે હમણાં નહીં, બે-ત્રણ દિવસ પછી, તો એ તમારા વશ રહે ! નહીં તો તમે વશ થાઓ ! આ વાત હું પંદર વર્ષે (વર્ષની ઉંમરે) સમજી ગયો હતો. કેટલાક તો વિષયની ભીખ માગે કે 'આજનો દિવસ (આપો) !' અલ્યા, વિષયની ભીખ મંગાય ? પછી તારી શી દશા થાય ? સ્ત્રી શું કરે ? ચઢી બેસે. સિનેમા જોવા જાઓ તો કહેશે, 'છોકરું ઊંચકી લો.' આપણા મહાત્માઓને વિષય હોય, પણ વિષયની ભીખ ના હોય. વિષય અને વિષયની ભીખ, એ બે વસ્તુ જુદી છે. જ્યાં માન, કીર્તિ, વિષયોની ભીખ ના હોય, ત્યાં ભગવાન હોય.

વિષયમાં બહુ સેન્ટિમેન્ટલ ના હોય તો છૂટી જવાય. વિષયની ભીખ ના માંગવી. કેટલાક તો વિષયની ભીખ માંગે. અરે, પગે હઉ લાગે ! કેટલાક તો મને એવું હઉ કહી ગયેલા, કે 'મારી સ્ત્રી તો વિષયને માટે ના પાડે છે, તો હવે હું શું કરું ?' મેં કહ્યું કે, 'બા કહેજે, એટલે હા પાડશે (!)' મેરચક્કર, તને શરમ નથી આવતી ? ના આપે તો શું તેને બા કહેવી ? તો મેલ પૂળો, 'મારે જોઈતોય નથી', કહીએ. આ તો પોતે માગણીઓ કર્યા કરે, પછી સ્ત્રી દબડાવ્યા જ કરે ને ! અને એ ના પાડે છે, તે તો સારું ઊલટું ! 'ભલું થયું ભાંગી જંજાળ !' એક વખત એણે ના પાડી એટલે આપણે ફાવ્યા. પછી એ માગણી કરે, તો એનો 'દાવો' જ ના સાંભળીએ. ફરી કહીએ, 'તેં ના પાડી એટલે મેં બંધ કરી દીધું, તાળું જ વાસી દીધું ને તાળાને ચાવી મારી દીધી.' પણ (પોતે) મૂઓ ઢીલો હોય છે એટલે શું થાય ?

અત્યારે તો મને કેટલાય કહી જાય છે આપણા મહાત્માઓ, કે 'મને કાલાવાલા કરાવડાવે.' ત્યારે મેં કહ્યું, 'મૂઆ, તારો વક્કર જતો રહ્યો, શું કરાવડાવે ત્યારે ? સમજ ને હજુ, હજુ યોગી થઈ જા ને !' હવે આને ક્યાં પહોંચી વળાય ? આ દુનિયાને કંઈ પહોંચી વળાય ?

એક સ્ત્રી એના ધણીને ચાર વખત સાષ્ટાંગ કરાવડાવે છે, ત્યારે એક વખત અડવા દે છે. ત્યારે મૂઓ, એના કરતાં આ સમાધિ લેતો હોય તો શું ખોટું ? દરિયામાં સમાધિ લે, તો સીધો દરિયો તો ખરો, ભાંજગડ તો નહીં ! આ હારુ ચાર વખત સાષ્ટાંગ !

એક માણસ તો મને ફરિયાદ કરવા આવ્યો મુંબઈમાં, અને કહે છે કે પાંચ વખત ફાઈલ નં. બેને પગે લાગ્યો ત્યારે મારો સંતોષ થયેલો. મૂઆ, આ કઈ જાતનો માણસ, જાનવર છું કે શું, મૂઆ ? શું જોઈને મને કહેવા આવ્યો તું ? વિષયની ભીખ મંગાતી હશે ? તમને કેમ લાગે છે ? અલ્યા મૂઆ, પાંચ વખત ! હવે મને સીધું ડિરેક્ટ કહેવા આવ્યો તો મારે વઢવું પડ્યું. પછી મને કહે છે, હવે રસ્તો દેખાડો. ત્યારે મેં કહ્યું, હવે આ છૂટી જાય તે પછી રસ્તો દેખાડાય ! ધીમે ધીમે એ સીધું થઈ ગયું. ઊંધું ચાલે ત્યાર પછી શું થાય ?

મને એવું કહી ગયો કે મારે વિષયની ભીખ માંગવી પડે છે. અલ્યા મૂઆ, વિષયોની ભીખ માગો છો ! કઈ જાતના છો ? જાનવર કરતાંય ભૂંડા છો ! વિષયની ભીખ મંગાતી હશે ? ખાવાની ભીખ ના મંગાય, ભૂખ્યા થયા હો તો કંઈ ભીખ મંગાતી હશે ? કંઈ શૂરવીરપણું જોઈએ કે ના જોઈએ ? હવે આટલું બધું અસંયમપણું કેમ પોષાય તે ? અયુક્ત લાગતું નથી તમને ? આ યુક્ત વસ્તુ છે ? શોભે માણસ ને ? એટલે થોડો ઘણો સંયમ હોવો જોઈએ, બધું હોવું જોઈએ.

આ તો બધું ધૂળધાણી થઈ ગયું, તેથી આ કાળના લગભગ પંચ્યાસી ટકા મનુષ્યો તો જાનવરમાં જ જવાના છે બિચારા ! હું ખુલ્લે ખુલ્લું કહું છું ! એટલે આ વિષયનું મૂળિયું કાપી નાખ્યું કે પછી ઝાડ-બાડ બધું એની મેળે સૂકાઈ જાય. મોક્ષે તો જઈશું, પણ આવતે ભવ હેરાન કોણ કરે ? બીજું કોઈ નહીં, માત્ર મિશ્રચેતન.

## (સૂત્ર - ૩)

**મિશ્રચેતન એટલે શું ? જ્યારે ના ફાવે ત્યારે દાવો માંડે. માટે આ બધા ભોગ ભોગવજો, પણ મિશ્રચેતનના ભોગ ના ભોગવશો. સ્ત્રીને પુરુષ એ મિશ્રચેતન છે અને પુરુષને સ્ત્રી એ મિશ્રચેતન છે.**

**પ્રશ્નકર્તા :** મિશ્રચેતનમાં શું શું આવે ?

**દાદાશ્રી :** મિશ્રચેતન એટલે આ કૂતરાને લાત મારી કાઢી મેલ્યું હોય તો તેની જોડે વેર બાંધ્યું કહેવાય. રસ્તા પર કોઈ સ્ત્રીને ધક્કો માર્યો હોય તેય મિશ્રચેતન જોડે દોષ કર્યો કહેવાય.

સ્ત્રીને પુરુષ એ મિશ્રચેતન છે અને પુરુષને સ્ત્રી એ મિશ્રચેતન છે. મિશ્રચેતન એટલે શું ? જ્યારે ના ફાવે ત્યારે દાવો માંડે, માટે આ બધા ભોગ ભોગવજો, પણ મિશ્રચેતનના ભોગ ના ભોગવશો. કારણ કે મતભેદ થાય ત્યારે શું થાય ? દાવો હઉ માંડે, ડાયવોર્સ હઉ લે. આંખમાં દ્વેષ દેખાય, એના કરતાં કેરી સારી. બિચારી મિશ્રચેતન તો નહીં ! બગડી જતા પહેલા એને ખાઈ લઈએ. મિશ્રચેતનનો વિશ્વાસ રાખશો નહીં.

**પ્રશ્નકર્તા :** મિશ્રચેતન સંબંધી ફાઈલ હોય છે. એમાં એક બાજુ જાગૃતિ પણ રહે છે, એક બાજુ મનને અમુક મીઠાશ પણ વર્તાય છે, બીજી બાજુ એ ગમતું નથી, જ્ઞાન ના પાડે છે કે આ બધું યોગ્ય નથી. એના માટે દ્વિધા રહ્યા કરે છે.

**દાદાશ્રી :** એ નથી ગમતું તે જ એ છૂટે છે ને ! ના ગમે તોય એ કરાર પૂરો કરવો જોઈએ ને ? જે ના ગમતું હોય તે પછી વળગે જ નહીં. જ્ઞાન પ્રગટ થયા પછી ના ગમતું વળગે જ નહીં. મહીં જરા ગમતું હોય તો જ વળગે. ના ગમતું વળગેય નહીં ને ટકેય નહીં બહુ દહાડા. એ બે વર્ષે, પાંચ વર્ષે પણ પછી ઉકેલ આવી જાય. માટે કશો વાંધો નહીં અને જાગૃતિ રહી, પછી શું જોઈએ આપણને ? આ ના ગમતું છે એ વાત નક્કી થઈ ગઈ.

આ તો કરારી બાબત, કુદરતના કરાર આપણી સહમતીથી થયેલા છે. હવે એ કરાર ભંગ કરીએ તો ચાલે જ નહીં ને !

## (સૂત્ર - ૪)

**આ વિષયનું વેર બહુ ઝેરી હોય છે. વેર વધારવાનું મુખ્ય કારખાનું કયું છે ? આ સ્ત્રીવિષય અને પુરુષવિષય !**

મિશ્રચેતન જોડે વ્યવહાર કરવા જેવો છે જ નહીં અને કરવો પડે તો ફરજિયાત રીતે કરવો પડે, એ તો છૂટકો જ નથી. સંસારી છે તો ફરજિયાત રીતે વ્યવહાર તો કરવો જ પડે. જેમ જેલમાં ગયેલો માણસ મહીં અંદર પોતાની જગ્યા સાફ કરીને લીંપતો હોય તો આપણે એમ જાણીએ કે એને જેલનો શોખ હશે એટલે લીંપતો હશે ? ના, એને

જેલ ગમતી તો નથી પણ અહીં આગળ આવ્યો છે, હવે ફસાઈ ગયો છે, તો અહીં હવે સૂવા સાધન તો જોઈશે ને ? પણ એને જેલની રુચિ ના હોય. એ જગ્યા લીંપે ખરો, પણ ત્યાં એની ઈચ્છા નથી. ત્યાં આગળ જેલનો શોખ લાગ્યો નથી એને. એવું આ વિષયનો શોખ બહુ વિચારે કરીને ઉડાડી દેવા જેવો છે. વિષય એ મોટામાં મોટો રોગ છે. આખું જગત આનાથી જ લટક્યું છે. એક વિષયથી જ વેર ઊભા થાય છે ને વેરથી સંસાર ચાલુ રહ્યો છે. વેર બધા આસક્તિમાંથી ઊભા થાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે એવું જ થયું ને કે વિષયથી જ આ બધો સંસાર ઊભો થઈ જાય છે ?

**દાદાશ્રી :** વિષયો એ આસક્તિથી ઉત્પન્ન થાય છે, ને પછી એમાંથી વિકર્ષણ થાય છે. વિકર્ષણ થાય એટલે વેર બંધાય છે અને વેરના 'ફાઉન્ડેશન' (પાયા) પર આ જગત ઊભું રહ્યું છે. કેરીઓ જોડે વેર નથી ને બટાકા જોડે વેર નથી. એ બટાકાના જીવો છે, બધા બહુ જીવો છે, પણ વેર રાખતા નથી. એ ફક્ત નુકસાન શું કરે કે તમને મગજનું જરા દેખાતું ઓછું થઈ જાય, આવરણ વધારે. બીજું વેર રાખે નહીં. વેર તો આ મનુષ્યમાં આવેલો જીવ રાખે.

આ મનુષ્ય જાતિમાં જ વેર બંધાયેલું હોય છે. અહીંથી ત્યાં સાપ થાય ને પછી કરડે. વીંછી થઈને કરડે. વેર બંધાયા સિવાય કોઈ દહાડો કશું બને નહીં.

**પ્રશ્નકર્તા :** અત્યારે દેખીતો વિષય સંબંધ ના હોય, પણ કોઈ એકબીજાને વેર ઊભું થતું હોય, તો એ પૂર્વે કંઈક વિષય થયેલો હોવો જોઈએ ?

**દાદાશ્રી :** વેરમાત્ર પૂર્વભવના ઉદયથી જ હોય.

**પ્રશ્નકર્તા :** પણ એ વિષયને લીધે કે વિષય વગર પણ હોય ?

**દાદાશ્રી :** હા, વિષય વગર પણ હોય. બીજા બધા અનેક કારણો હોય છે. લક્ષ્મી ઉપરથી વેર બંધાય છે, અહંકાર ઉપરથી વેર બંધાય છે, પણ આ વિષયનું વેર બહુ ઝેરી હોય છે. બહુ ઝેરીમાં ઝેરી આ વિષયનું વેર છે. બીજા પૈસાનું, લક્ષ્મીનું, અહંકારનું વેર બંધાયેલું હોય તેય બહુ ઝેરી હોય છે બળ્યું !

**પ્રશ્નકર્તા :** કેટલા ભવ સુધી ચાલે ?

**દાદાશ્રી :** અનંત અવતારથી ભટક્યા કરે છે. બીજમાંથી બીજ પડે, બીજમાંથી બીજ પડે, બીજમાંથી બીજ પડે અને એ શેકવાનું જાણે નહીં ને ! શેનાથી શેકાય એવું જાણે નહીં ને !

**પ્રશ્નકર્તા :** એમાં વેર કેવી રીતે બંધાય ? અનંતકાળનું વેર બીજ પડે છે એ કેવી રીતે ?

**દાદાશ્રી :** એવું છે ને, કે આ મરેલા પુરુષ કે મરેલી સ્ત્રી હોય તો એમ માનો ને કે એમાં કોઈ દવાઓ ભરી અને પુરુષ પુરુષ જેવો જ રહેતો હોય ને સ્ત્રી સ્ત્રી જેવી જ રહેતી હોય તો વાંધો નહીં, એની જોડે વેર નહીં બંધાય. કારણ કે એ જીવતું નથી. અને આ તો જીવતું છે, ત્યાં વેર બંધાય છે.

**પ્રશ્નકર્તા :** તે શાથી બંધાય છે ?

**દાદાશ્રી :** અભિપ્રાય 'ડિફરન્સ' છે તેથી. તમે કહો કે 'મારે અત્યારે સિનેમા જોવા જવું છે.' ત્યારે એ કહેશે કે 'ના, આજ તો મારે નાટક જોવા જવું છે.' એટલે ટાઈમિંગ નહીં મળી રહે. જો એક્ઝેક્ટ ટાઈમિંગે ટાઈમિંગ મળી રહે તો જ પૈણજે. આપણે અહીં તો એક જ કરવા જેવું છે કે વેર ના વધે. અને વેર વધારવાનું મુખ્ય કારખાનું કયું છે ? આ સ્ત્રીવિષય અને પુરુષવિષય !

## (સૂત્ર - ૫)

**આ જગત આખું મિશ્રચેતનથી જ**

**લપટાયેલું છે. એક વાર જાળમાં આવ્યા પછી નીકળવું મુશ્કેલ છે. આ મિશ્રચેતન તે મહા જોખમ છે ! સંસારનું બીજ જ આ છે.**

બે મન એકાકાર થઈ શકે જ નહીં. એટલે દાવા જ ચાલુ થાય. આ વિષય સિવાય બીજા બધા વિષયમાં એક મન છે, એક પક્ષે છે. તેથી સામો દાવો ના માંડે ! જ્યારે મનવાળા જોડે તો જોખમ છે. એક જ ફેરો જેની જોડે વિષય કર્યો હોય તો એને પેટે જન્મ લેવો પડે, નહીં તો એ જ્યાં ગઈ હોય ત્યાં જવું પડે ! મિશ્રચેતન જોડે શાદી કરી પછી શું થાય ? મિશ્રચેતનના દાવાની તો ઉપાધિ બહુ ! આપણને તદ્દન પરવશ કરી નાખે. એટલે મિશ્રચેતનનું ખાતું જ રાખવા જેવું નહીં. છતાં હોય તેને શું કરવાનું ? પછી એ ખાતાનો સમભાવે નિકાલ કરી નાખવાનો. ખાતું ઓછું ફાડી નખાય છે ? ફેંકી દઈએ તો તો એ વધારે ચોંટે. એટલે નિરંતર જાગૃત રહી એનો નિકાલ કરી નાખવાનો.

પૈણે એનો વાંધો નથી, પણ હંમેશાં બન્નેનું મન જુદું હોય અને ત્યાં જ વ્યાપાર કરવા જઈએ એટલે દ્વેષ થયા વગર રહે નહીં. એ પછી ગમે તે વ્યાપાર કરો ને ! પછી ત્યાં ગમે તેટલો પુરુષાર્થ કરો ને, તોય ભેદ પડ્યા વગર રહે નહીં ને ! જુદા મનવાળાની એકતા કેમ હોય ? એ તો વ્યાપારના સ્વાદ પૂરતી થોડી વાર બન્નેના મનની એકતા થાય ! પણ એ સ્વાદ ના સચવાયો તો ચાલ્યું તોફાન પાછું. એટલે ભેદ પડ્યા વગર રહે નહીં ને ! કારણ એ 'ફાઈલ' છે એટલે દાવો માંડી શકે. તમે કહો, 'મારે ત્યાગ લેવો છે', ત્યારે એ કહેશે, 'ના, નહીં જવા દઉં.'

આ જગત આખું મિશ્રચેતનથી જ લપટાયેલું છે. જો મિશ્રચેતન સમજવામાં આવે તો તો આ જગત લપટાયેલું નથી. આ બીજા બધા શોખ લપેટે એવા નથી હોતા. આ મિશ્રચેતનમાં તો સામસામે દાવા મંડાય છે. એક વાર જાળમાં આવ્યા પછી નીકળવું મુશ્કેલ છે. એ ભંગજાળમાં પેઠા પછી એમાંથી કોઈ છટકેલો નહીં. આ અમારું વિજ્ઞાન એવું છે કે બન્નેને જ્ઞાન આપીએ એટલે બેઉ સમભાવે નિકાલ કરતા શીખી જાય અને ઉકેલ આવી જાય. નહીં તો લાખો અવતારે છોડે નહીં. આપણે છોડવાની ઈચ્છા હોય ત્યારે એ આપણને છોડે નહીં અને એને છોડવાની ઈચ્છા થાય ત્યારે આપણે એને છોડીએ નહીં. એટલે કોઈ દહાડો બેઉનો ટાઈમિંગ મળે નહીં અને એન્જિન મોક્ષ ભણી ચાલેય નહીં, એવું છે આ મિશ્રચેતન ! ખાવા-પીવામાં હરકત નથી. ચાર વેઢમી ખાઈને સૂઈ જજો. દાદાનું નામ લઈને એ ભોગ ભોગવજો, પણ આ મિશ્રચેતન તે મહા જોખમ છે ! સંસારનું બીજ જ આ છે. એક રાજા જીતાયો તો એનું દળ આપણા કાબૂમાં આવી ગયું, એનું પુર (લશ્કર) પણ આપણા કાબૂમાં આવી ગયું. કૃપાળુદેવે આ બધાથી કંટાળી કંટાળીને ગાયું છે. સંસારમાં જે લટકાવનારું છે, તેના પર તેમણે જબરજસ્ત ભાર દીધો કે શું આવી ગતિ ! એ પોતે કહેતા હતા, કે 'સંસારથી તો ઘણો કાળ થયો, ઘણા અવતાર થયા કંટાળ્યો હતો, પણ છેવટે એમણે કાપી નાખ્યું. આમથી કાપ્યું, તેમથી કાપ્યું ને સડસડાટ ઉડાડી મૂક્યું. ગજબના પુરુષ હતા, જ્ઞાની પુરુષ હતા ! એ તો ચાહે સો કરે ! વિષય એ તો જીવતું જોખમ છે, બીજા બધા જોખમ તો મરેલા કહેવાય.

**(સૂત્ર - ૬)**

**આ તો જીવતી 'ફાઈલ' કહેવાય. સામો મિશ્રચેતન છે અને એ કરારી છે, એટલે દાવો માંડે ! આ બીજ તો મિશ્રચેતન જોડે પડે.**

મિશ્રચેતન તો કેવું હોય કે બન્નેની મરજીના ડિફરન્સ, બન્નેના સંચાલન જુદા. ત્યાં પોતાની ઈચ્છા ના હોય તોય સામાને સુખ ભોગવવા જોઈએ, તો શું થાય ? એમાંથી પછી રાગ-દ્વેષના કારખાના થાય.

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું ને કે રાગ-દ્વેષનું મૂળ સ્થાન જ આ છે ?

**દાદાશ્રી :** હા, જગતનું બધાનું મૂળ અહીંથી જ ઊભું થયું છે, અબ્રહ્મચર્યથી. વિષયનો કંટ્રોલ નહીં હોવાથી કકળાટ છે આ બધો. વિષયના કાબૂવાળાને કકળાટ હોય નહીં દુનિયામાં. વિષયમાં સુખ કરતાં વિષયથી પરવશતાના દુઃખ વિશેષ છે !

તમારે ઘરમાં રોજની ડખાડખ ના પસંદ હોય, તો પછી એની જોડે વિકારી સંબંધ જ બંધ કરી દેવો. વિષય તો હડહડતી પાશવતા છે. માટે આ પાશવતા બંધ કરી દેવી.

**પ્રશ્નકર્તા :** વિષય રાગથી ભોગવે છે કે દ્વેષથી ?

**દાદાશ્રી :** રાગથી, એ રાગમાંથી દ્વેષ ઉત્પન્ન થાય છે. આ મિશ્રચેતન તો 'ફાઈલ' કહેવાય. પણ પૂર્વભવનો હિસાબ બંધાઈ ગયેલો હોય, 'દેખત ભૂલી'નો હિસાબ થઈ ગયો, એટલે એને છૂટકો જ નહીં ને !

આ જગતમાં રાગ-દ્વેષનું મૂળ કારણ જ આ છે, મૌલિક કારણ જ આ છે. અહીંથી જ બધો રાગ-દ્વેષ ઊભો થયો. સંસાર બધો અહીંથી જ ઊભો થયો છે. એટલે સંસાર બંધ કરવો હોય તો અહીંથી જ બંધ કરી દેવો પડે. પછી કેરીઓ ખાવ, ફાવે એ ખાવ ને ! બાર રૂપિયે ડઝનવાળી કેરીઓ ખાવ ને, કોઈ પૂછનાર નથી. કારણ કે કેરીઓ સામો દાવો નહીં માંડે. તમે એને ના ખાવ ને, તો એ કંઈ કકળાટ નહીં કરે અને આ સંબંધમાં તો તમે કહેશો કે 'મારે નથી જોઈતું.' ત્યારે એ કહેશે, કે 'ના, મારે તો જોઈએ જ છે.' એ કહેશે, કે 'મારે સિનેમા જોવા જવું છે', ત્યારે તમે ન જાવ તો કકળાટ ! આવી જ બન્યું જાણે ! કારણ કે સામે મિશ્રચેતન છે અને એ કરારી છે, એટલે દાવો માંડે ! આ બીજ તો મિશ્રચેતન જોડે પડે. મિશ્રચેતન પછી દાવો માંડે. અનંત અવતારનું વેર બાંધી દે. એ છોડે નહીં પછી.

આ ચાર ઈન્દ્રિયોના વિષયો કોઈ હેરાન કરતું નથી અને આ પાંચમો જે વિષય છે, સ્પર્શ વિષય છે તે તો સામી જીવંત વ્યક્તિ જોડે છે ! એ દાવો માંડે એવી છે, એટલે આ એકલી સ્ત્રી વિષયનો જ વાંધો છે. આ તો જીવતી 'ફાઈલ' કહેવાય. આપણે કહીએ કે 'હવે મારે વિષય બંધ કરવો છે' ત્યારે એ કહે કે 'એ નહીં ચાલે. ત્યારે પૈણ્યા'તા શું કરવા ?' આ સ્ત્રી તો સામી ફરિયાદ કરે. એટલે એ જીવતી 'ફાઈલ' તો દાવો માંડે ને દાવો માંડે તો પોષાય જ કેમ કરી ને ? એટલે જીવતા જોડે વિષય જ ના કરવો. દાવો તો માંડે પણ પછી દબડાવે ને આપણું તેલ કાઢી નાખે. આપણે ભગવાનના દબાઈ રહેવા નથી માંગતા, તે આવું બૈરીના દબાયેલા રહેવાય ? શું સુખ છે એમાં ? ને આપણે શું સુખી થઈ ગયા ! અને શું જાડા થઈ ગયા ? ઊલટું તેજ હણાઈ જાય છે ! આમાં શું કાઢવાનું ? આખો પુદ્ગલનો સાર ઊડી જાય છે ! એ સાર મહીં શરીરમાં રહે ત્યારે મહીં મગજ ખીલે, વાણી કેવી બોલાય ! જાગૃતિ કેવી રહે ! એ વાત તો જુદી જ ને ! એ સાર પછી ખોઈ નાંખે છે ને પછી શું થાય ? જાગૃતિ કેવી રહે !

## (સૂત્ર - ૭)

**આ મિશ્રચેતનના વિચાર આવે તો ઊગવા જ ના દેશો. એને તો નિંદી જ નાખજો, તો એક દહાડો આનાથી ઉકેલ આવશે.**

આપણને એમ લાગે કે આ વિષય-વિકારનું આકર્ષણ થયું, કે તરત પ્રતિક્રમણ કરવું જોઈએ અને કોઈ વિષય-વિકારનો મહીંથી વિચાર ઊગ્યો તો એ છોડવો તરત જ ઉખેડીને બહાર ફેંકી દેવો. બસ, આ બે કરે, એને પછી વાંધો ના આવે.

**પ્રશ્નકર્તા :** પણ જાગૃતિ અને આ બે એકી સાથે રહે ?

**દાદાશ્રી :** ના, જાગૃતિ હોય તો જ આ થાય, નહીં તો થાય નહીં ને !

આ છોડવો ઊગતો હોય તો, ત્યાંથી જ સમજી જવું કે આ છોડવો કૂંચનો છે. એટલે એને ઊગતાની સાથે જ ઉખેડીને ફેંકી દેવો. નહીં તો ચોંટશે, તો એ કૂંચથી આખા શરીરે લ્હાય બળશે. માટે ફરી ઊગે નહીં એવી રીતે ફેંકી દેજો. એવું આ મિશ્રચેતનના વિચાર આવે તો ઊગવા જ ના દેશો.

મિશ્રચેતન વિશેના બીજને તો ઊગતાની સાથે જ આમ મૂળથી ઉખેડી નાખવાના. આપણે શું કરવાનું ? એને તો નિંદી જ નાખજો, તો એક દહાડો આનાથી ઉકેલ આવશે. નહીં તો એક જો ઊગ્યું તો કેટલાય અવતાર બગાડી નાખે. ભગવાને વિષયના છોડવાને જ નિંદી નાખવાનું કહ્યું છે. બીજા છોડવા તો છો ને ઊગે, એ જોખમી નથી, પણ મિશ્રચેતન જોખમી છે.

હવે જો આવી જાગૃતિ રહે તો માણસ આરપાર જોઈ શકે, નહીં તો આ તો બેભાનપણું છે. આ તો ચાદરે વીંટેલું માંસ છે. આખી દુનિયાનો બધો કચરો આ શરીરમાં છે, છતાંય આ ચાદરને લીધે કેવો મોહ થાય છે ! એ મોહ શાથી ઉત્પન્ન થાય છે ? અજાગૃતિથી ! પછી પાછળથી પસ્તાવુંય પડે છે ને ? પસ્તાવો એટલે શું ? પશ્ચાતાપ. પશ્ચાતાપ એટલે મહીં ડંખ્યા કરે. એના કરતાં જાગૃતિ હોય તો કેવું સરસ ! જાગૃતિ જો ના રહેતી હોય તો પછી શાદી કર. આપણને તેનો વાંધો નથી. શાદી એટલે નિકાલી બાબત. નહીં તો જાગૃતિ રાખવી પડે. અત્યાર સુધી નરી અજાગૃતિ જ હતી. આ તો તેમાંથી આ જાગૃતિ કરવાની બાકી રહી. એકસો ને આઠ દીવા હોય, તે બાર દીવા તો સળગાવ્યા. પછી તેરમો, ચૌદમો એમ સળગાવ્યે જવાના.

**પ્રશ્નકર્તા :** જાગૃતિપૂર્વક ભાનમાં હોવા છતાં ખેંચાઈ ગયા, આપણું ત્યાં આગળ કશું ચાલ્યું નહીં, તો શું કરવું ? એનો કેટલો દોષ બેસે ?

**દાદાશ્રી :** દોષ તો ખરો જ ને ! વૈદે કહ્યું હોય કે મરચું ના ખાશો ને આપણે મરચું ખઈએ, તો શું થાય ? પણ એવા તો કંઈ બહુ ફૂલિશ (મૂર્ખ) નીકળે નહીં, થોડાક જ નીકળે અને એણે મરચું ખાધું, તે પછી એનો રોગ વધે.

**પ્રશ્નકર્તા :** પણ હવે એણે કરવું શું ? ઉપાય તો હોવો જોઈએ ને ?

**દાદાશ્રી :** પ્રતિક્રમણ કરવાનું, બીજું શું ?

**પ્રશ્નકર્તા :** પણ જ્ઞાનીને કહેવાનું નહીં ? જેણે આજ્ઞા આપી હોય, એને કહેવું તો પડશે ને ?

**દાદાશ્રી :** હા, કહે તો પણ પ્રતિક્રમણ કરવાનું. બાકી પેલો મરચું ખાય, એમાં જ્ઞાની કંઈ ઓછા ઝેર ખાય ?

કોઈક દહાડો મહીં ખરાબ વિચાર ઊગ્યા અને એને કાઢી નાખતા વાર લાગી તો જરા મોટું પ્રતિક્રમણ કરવું પડે. નહીં તો વિચાર ઊગ્યો કે તરત કાઢી નાખવાનું, ઉખેડીને તરત ફેંકી દેવાનું. બાકી આ વિષય-વિકાર એવો છે કે એક સેકન્ડેય જરાય રહેવા ના દેવાય, નહીં તો ઝાડ થતા વાર ના લાગે. એટલે ઉગ્યો કે તરત ઉખેડીને ફેંકી દેવાનો. જેમ આપણે ઘઉં વાવવાના હોય ને તમાકુનો છોડવો ઊગી નીકળે તો એને તરત કાઢી નાખીએ. એવું આમાંય વિષયને ઉખેડી નાખવાનો.

## (સૂત્ર - ૮)

**મિશ્રચેતન તો એવી આંટી મારે કે અનંત અવતારેય એ છૂટે નહીં. એથી ભગવાને કહેલું કે મિશ્રચેતનથી છેટા રહેજો !**

સ્ત્રી એ મિશ્રચેતન છે. ચેતનને પૈણજે,

ત્યારે આ તો મિશ્રચેતનને પૈણે છે. મા-બાપને ખબર જ નથી ને, ભાન જ નથી રાખતા ને કે છોકરો કયા માઈલે છે ને એને શી બળતરા છે ? મા-બાપ મા-બાપની બળતરામાં ને છોકરો છોકરાની બળતરામાં ! આ મિશ્રચેતન તો દાવો માંડે ! એમને સિનેમા જોવા જવું હોય ને તમને ગમતું ના હોય તોય એ કહે કે 'તમારે આવવું પડશે.' તો તમારે જવું પડે ! એટલું જ નહીં પણ 'તમારે છોકરો ઊંચકી લેવો પડશે' એવુંય કહે, અલ્યા, છોકરાંય ઊંચકાવડાયા મારી પાસે ? હા. પણ શું થાય ? જો બબૂચક થવું હોય તો પૈણવું આ કાળમાં !

**પ્રશ્નકર્તા :** પણ હવે જે પૈણેલો હોય એ શું કરે ?

**દાદાશ્રી :** આપણું ધારેલું ઓછું થાય છે ? 'વ્યવસ્થિત'ની જે ફિલમ છે એ છોડે નહીં ને એને !

પહેલા તો એટલું સારું હતું કે ગમે તેવી બીબી લેવા જાય, તો બહુ ત્યારે બીબીની બે-ત્રણ શરતો હોય. 'પાણી કી મટકી કબૂલ' ? ત્યારે એ કહે, 'કબૂલ'. 'લકડે કી ભારી કબૂલ' ? ત્યારે ધણી કહે, 'કબૂલ'. નકાબ પઢતી વખતે આટલી શરતો કરાવડાવે. પાણી ભરી લાવે, જંગલમાંથી લાકડાં લઈ આવે એ સારું. પણ આજની વહુઓ તો શું કહેશે ? 'આ ટાઈમે સિનેમામાં આવવું પડશે, નહીં તો તમારા ભાઈબંધ જોડે કોઈ દહાડો જતા જોયા છે, તો તમારી વાત છે !' 'અરે, હું તને પૈણ્યો કે તું મને પૈણી ?' આમાં કોણ કોને પૈણ્યું ? પણ આ તો મિશ્રચેતન ! જ્યારે આ તો બધી ભણેલી પાછી ! તે એમને જો 'તું ના સમજું' એવું કહ્યું હોય તો તો તમારું તેલ કાઢી નાખે ! આમાં સુખ જ નથી. આ તો 'ફાઈલ' વધે છે. એ 'ફાઈલો' જોડે પછી કકળાટ થાય, પછી ઘરની હોય કે બહારની ! એટલે મિશ્રચેતન જોડે હિસાબ ના માંડો, નહીં તો એ ક્લેઈમ (દાવો) માંડશે !

આ પથારી પર ના સૂઈ જઈએ ને પથરા પર સૂઈ જઈએ તો પથારી કંઈ દાવો માંડે કે કેમ અમને છોડીને પથરા પર સૂઈ જાઓ છો ? અને મિશ્રચેતન તો દાવો માંડે કે કેમ આજે છૂટા પડ્યા ? છોડે નહીં. ખસેડવા જાવ તો વળગે ઊલટું ! એટલે મિશ્રચેતન જોડે ભાંજગડ ના પાડશો ! બટાકા જોડે ભાંજગડ હોય ને બટાકા ના લાવ્યા હોય તો બટાકા બૂમો નહીં પાડે ને ના ખાઈએ તોય કશું બોલે નહીં ! પણ મિશ્રચેતન તો એવી આંટી મારે કે અનંત અવતારેય એ છૂટે નહીં. એથી ભગવાને કહેલું કે મિશ્રચેતનથી છેટા રહેજો ! સ્ત્રીથી છેટા રહેજો ! નહીં તો મિશ્રચેતન તો મોક્ષે જતા રોકી રાખે એવું છે.

આ પાન-બીડી એય લફરાં જ કહેવાય. પણ આ લફરાં તો એમ માનો ને, કે કો'ક દહાડો છૂટે, પણ પેલા લફરાં તો ના છૂટે. જીવતા લફરાં ને ! અમે લફરું જીવતાને કહીએ છીએ. પેલા લફરાં તો ચલાવી લેવાય. એ તો મડદાલ જ છે ને ! આપણી એકલી જ ફરિયાદ છે ને ? આપણે ફરિયાદ કરીએ છીએ ત્યાં સુધી ને ? બાકી એની કોઈ જાતની ફરિયાદ નથી ને ? આપણે છોડી દઈએ ત્યારે ફરજિયાત છે કંઈ ? અને જીવતા લફરાં જોડે તો કશી મુશ્કેલી થઈ તો દાવો માંડે. તમે દાવો કાઢી નાખો ત્યારે એ દાવો માંડે. એ જ બહુ મુશ્કેલી છે !

### (સૂત્ર - ૯)

**આ વિષય જ એવો છે કે ભટકાવી મારે.**
**આત્મા અમે જે આપ્યો છે તેય ફેંકી દેવડાવે.**

અક્રમ એટલે શું ? કર્મ ખપાવ્યા સિવાય જ્ઞાન પ્રાપ્ત થયું છે. હજુ કોઈ પણ જાતના કર્મ ખપાવ્યા નથી, એટલે વાતને સમજી લેવાની છે. આમાં બીજું કશું બાધક નથી ! ને આ વિષય એક એવી વસ્તુ છે કે આ જ્ઞાનને ઊંધું નાખી દે.

આ વિષય એકલો જ એવો છે. બીજું બધું છો ને રહ્યું, જીભના વિષય એ બધા સામો દાવો ના માંડે. એ ચેતન જોડે નથી, એ અચેતન છે અને આ તો મિશ્રચેતન છે. તે આ વિષયમાં તો આપણને ઈચ્છા ના હોય તોય વશ થવું પડે, નહીં તો એ દાવો માંડે ને કો'ક ફેરો ભટકાવી મારે. માટે એમાં બહુ જ જાગૃતિ રાખવી. એટલા માટે અહીં તો કેટલાક કાયમનું વ્રત જ લઈ લે છે અને અમે આપીએ પણ ખરા. અગર તો કોઈ એક વરસ દહાડાનો ટ્રાયલ લે. પછી એમ કરતા કરતા ખૂબ શક્તિ વધી જાય. આ વિષય જ એવો છે કે ભટકાવી મારે. આત્મા અમે જે આપ્યો છે તેય ફેંકી દેવડાવે.

આ બધી અવસ્થા દૃષ્ટિથી જોવાથી જ તેની અસરો થાય છે. અવસ્થા દૃષ્ટિથી જ આકર્ષણ-વિકર્ષણ છે, તત્ત્વ દૃષ્ટિથી નહીં. અવસ્થામાં તન્મયાકાર થાય કે તરત જ અંદર લોહચુંબકપણું ઉત્પન્ન થાય અને તેનું પછી આકર્ષણ શરૂ થાય.

**પ્રશ્નકર્તા :** લોહચુંબક અને ટાંકણી બન્ને સામસામા આવે છે ત્યારે આકર્ષણ થાય છે. હવે એ આકર્ષણ નાબૂદ ક્યારે થઈ જાય ?

**દાદાશ્રી :** એ તો કાયમ રહેવાનું જ. જ્યાં સુધી લોખંડ લોખંડના ભાવમાં છે ત્યાં સુધી રહેવાનું. લોહચુંબકત્વ ઊતરી જાય તો આકર્ષણ જતું રહે.

એટલે અમે અક્રમ વિજ્ઞાનમાં તો પોતાની સ્ત્રી સાથેના અબ્રહ્મચર્યના વ્યવહારને અમે 'બ્રહ્મચર્ય' કહીએ છીએ. પણ તે વિનયપૂર્વક અને બહાર કોઈ સ્ત્રી પર દૃષ્ટિ ના બગડવી જોઈએ અને દૃષ્ટિ બગડી હોય તો તરત ભૂંસી નાખવી જોઈએ. તો એને આ કાળમાં અમે 'બ્રહ્મચારી' કહીએ છીએ. બીજી જગ્યાએ દૃષ્ટિ નથી બગડતી, માટે બ્રહ્મચારી કહીએ છીએ. આને કંઈ જેવું તેવું પદ કહેવાય ? અને પછી લાંબે ગાળે એને સમજાય કે આમાંય બહુ ભૂલ છે ત્યારે હક્કનું પણ છોડી દે. ઘણાએ છોડી દીધેલું. આ તો બહુ મોટામાં મોટું અહિતકારી વસ્તુ હોય તો આ સ્ત્રી વિષય એકલો જ છે, આ જગતમાં.

## (સૂત્ર - ૧૦)

**'આ સ્ત્રી છે' એમ જુએ છે, એ પુરુષનો મહીં રોગ હોય તો જ સ્ત્રી દેખાય, નહીં તો આત્મા જ દેખાય અને 'આ પુરુષ છે' એમ જુએ છે, એ એનો સ્ત્રીનો રોગ છે. નીરોગી થાય તો મોક્ષ થાય.**

આ જગતમાં સ્ત્રીને પુરુષનું અને પુરુષને સ્ત્રીનું એટ્રેક્શન (આકર્ષણ) અમુક ઉંમર સુધી રહ્યા જ કરે. તે જોવાથી જ કૉઝિઝ ઉત્પન્ન થાય. લોક કહે જોવાથી શું થાય ? અલ્યા, જોવાથી તો નર્યા કૉઝિઝ ઉત્પન્ન થાય જ, પણ જો 'દૃષ્ટિ' આપી હોય તો જોવાથી કૉઝિઝ ઉત્પન્ન ના થાય. જગત આખું વ્યૂ પૉઈન્ટથી જુએ છે, જ્યારે જ્ઞાની જ 'ફૂલ' દૃષ્ટિથી જુએ છે.

આ લોક તો શું કહે છે કે મને સ્ત્રી માટેના ખરાબ વિચાર આવે છે. અલ્યા ! તું જોઉં છું ત્યારે જ ફિલમ પડી જાય છે. એનું પછી રૂપકમાં આવે છે, ત્યારે હવે એની બૂમો પાડે છે કે આમ કેમ થાય છે ? ફિલમ એ કૉઝિઝ છે અને રૂપક એ ઈફેક્ટ છે. અમને કૉઝિઝ જ ના પડે. જેને કૉઝિઝ જ ના પડે એને દેહધારી પરમાત્મા જ કહેવાય. સ્ત્રી એ તો એક જાતની આત્મા ઉપર ઈફેક્ટ છે. સ્ત્રી એ ઈફેક્ટ છે, પુરુષ એ ઈફેક્ટ છે. આની ઈફેક્ટ આપણી ઉપર ના પડે ત્યારે ખરું. હવે સ્ત્રીને આત્મા રૂપે જુઓ, પુદ્ગલને શું જોવાનું ? આ કેરીઓ રૂપાળી પણ હોય અને સડી પણ જાય, તેમાં શું જોવાનું ? જે સડે નહીં, કહોવાય નહીં તે આત્મા છે, તેને જોવાનો છે. અમને તો સ્ત્રી ભાવ, પુરુષ ભાવ જ નહીં. અમે એ બજારમાં જ પેસવાના નહીં.

'આ સ્ત્રી છે' એમ જુએ છે, એ પુરુષનો

મહીં રોગ હોય તો જ સ્ત્રી દેખાય, નહીં તો આત્મા જ દેખાય અને 'આ પુરુષ છે' એમ જુએ છે, એ એનો સ્ત્રીનો રોગ છે. નીરોગી થાય તો મોક્ષ થાય. અત્યારે અમારી નીરોગી અવસ્થા છે. તે મને એવો વિચાર જ ના આવે. ફક્ત ખોખાં જુદા છે એવું રહે, એ સ્વાભાવિક છે, પણ એવું લક્ષ રહે કે આ સ્ત્રી છે ને આ પુરુષ છે, એવી બધી ભાંજગડ નહીં. એ તો મહીં એ રોગ હોય ત્યાં સુધી જ એવું દેખાડે છે. જ્યાં સુધી એ રોગ છે, ત્યાં સુધી આપણે પરેજીમાં શું કરવું જોઈએ ? ઉપયોગ જાગૃત રાખવો. આવું દેખાય કે તરત જ શુદ્ધાત્મા જુઓ. આ ભૂલ ખવડાવી એને 'દેખત ભૂલી' કહેવાય છે. પુરુષને પુરુષનો રોગ ના હોય તો 'આ સ્ત્રી છે' એવું ના દેખાય અને સ્ત્રીને સ્ત્રીનો રોગ ના હોય તો 'આ પુરુષ છે' એવું ના દેખાય. બધામાં આત્મા દેખાય.

**પ્રશ્નકર્તા :** એટલી બધી જાગૃતિ ના રહે ને ?

**દાદાશ્રી :** જાગૃતિ ના રહે તો માર જ ખાવાનો. આ બ્રહ્મચર્ય તો જેને બહુ જાગૃતિ રહે તેને કામનું.

ક્રમિક માર્ગમાં તો સ્ત્રીને પાસે રાખે જ નહીં. કારણ કે એ મહાન જોખમ છે. સ્ત્રી એ પુરુષને માટે જોખમ છે. પુરુષ એ સ્ત્રીને માટે જોખમ છે. પણ હું કહું છું કે આમાં સ્ત્રીનો દોષ નથી, સ્ત્રી તો આત્મા છે, દોષ તારા સ્વભાવનો છે.

### (સૂત્ર - ૧૧)

**આ વિષયની યોજના એ મિશ્રચેતન જોડેની યોજના છે. આપણે છોડી દઈએ તોય સામો દાવો માંડે તો શું થાય ? માટે અહીં ચેતતા રહેવાનું કહ્યું.**

કોઈ સ્ત્રી ઊભેલી હોય તેને જોઈ, પણ તરત દૃષ્ટિ પાછી ખેંચી લીધી. છતાં તે પછી દૃષ્ટિ તો પાછી ત્યાં ને ત્યાં જ જતી રહે, આમ દૃષ્ટિ ત્યાં જ ખેંચાયા કરે એ 'ફાઈલ' કહેવાય. એટલે આટલી જ ભૂલ આ કાળમાં સમજવાની છે. પાછલી જે ફાઈલ ઊભી થઈ હોય, જરાક નાની અમથી પણ 'ફાઈલ' કે જે આપણને આકર્ષણ કરે એવી હોય, એવી આપણને ખબર પડે કે આ 'ફાઈલ' છે; ત્યાં આગળ ચેતતા રહેવું. હવે ચેતીને બીજું શું કરવાનું ? જેને શુદ્ધાત્મા જોતા આવડ્યો છે, એણે એના શુદ્ધાત્મા જો જો કરવાના. એનાથી એ આખુંય બધું ઊડી જાય.

**પ્રશ્નકર્તા :** સાથે સાથે પ્રતિક્રમણ ને પ્રત્યાખ્યાન રાખવાનું ને ?

**દાદાશ્રી :** હા, એ તો કરવું જ પડે ને !

**પ્રશ્નકર્તા :** આકર્ષણની ફાઈલ એ કંઈ 'કન્ટિન્યુઅસ' (સતત) નથી રહેતી. પણ આ આકર્ષણ ઊભું થાય, જેમ અહીં લોહચુંબક હોય ને આ ટાંકણીનું અહીંથી પસાર થવું ને ખેંચાઈ જાય, પણ તરત ખબર પડી કે ખેંચાઈ ગયું એટલે પાછું તરત ખેંચી લઈએ.

**દાદાશ્રી :** જે ખબર પડે છે એ આ 'જ્ઞાન'ને લઈને ખબર પડે છે, નહીં તો બીજો તો બેભાન થઈ જાય. આ 'જ્ઞાન'ને લઈને ખબર પડે છે એટલે પછી આપણે એનું પ્રતિક્રમણ કરવું પડે. પછી આપણે નિર્મળ દૃષ્ટિ દેખાડવી જોઈએ. આપણામાં રોગ હોય તો જ સામો માણસ આપણો રોગ પકડે ને ? અને આપણી નિર્મળ દૃષ્ટિ દેખે તો ? દૃષ્ટિ નિર્મળ કરવી, એ આવડે કે ના આવડે ?

**પ્રશ્નકર્તા :** વધારે ફોડ પાડો કે કેવી રીતે દૃષ્ટિ નિર્મળ કરવી ?

**દાદાશ્રી :** 'હું શુદ્ધાત્મા છું' એ જાગૃતિમાં આવી જાય, પછી દૃષ્ટિ નિર્મળ થઈ જાય. ના થઈ હોય તો શબ્દથી પાંચ-દસ વખત બોલીએ, કે 'હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું, હું શુદ્ધાત્મા છું' તોય પાછું આવી જાય અથવા 'દાદા ભગવાન

જેવો નિર્વિકારી છું, નિર્વિકારી છું' એમ બોલીએ તોય પાછું આવી જાય. એનો ઉપયોગ કરવો પડે, બીજું કશું નહીં. આ તો વિજ્ઞાન છે, તરત ફળ આપે અને જરાક જો ગાફેલ રહ્યો તો બીજી બાજુ ઉડાડી મારે એવું છે !

બીજી કોઈ વસ્તુ નડે એવી નથી. સ્ત્રી આપણને અડી અને પછી મહીં આપણો ભાવ બદલાયો ત્યાં જાગૃતિ રાખવી. કારણ કે સ્ત્રી જાતિના પરમાણુ જ એવા છે કે સામાના ભાવ બદલાઈ જ જાય. આ તો અમે હાથ મૂકીએ તો એને વિચાર આવ્યો હોય તેય ઊલટો બદલાઈ જાય, એના એવા ખરાબ વિચાર ઊડી જાય !

વિષયની યોજના સિવાય બીજી બધી યોજનાઓ વખતે ભાંગફોડ કરે તો ચલાવી લેવાશે. કારણ કે બીજી બધી મિશ્રચેતન જોડેની યોજનાઓ નથી; જ્યારે આ વિષયની યોજના એ મિશ્રચેતન જોડેની યોજના છે. આપણે છોડી દઈએ તોય સામો દાવો માંડે તો શું થાય ? માટે અહીં ચેતતા રહેવાનું કહ્યું. બીજામાં ગાફેલ રહ્યા તો ચાલશે. ગાફેલનું ફળ એ કે જાગૃતિ જરા ઓછી રહેશે. પણ આ વિષય તો બહુ મોટામાં મોટું જોખમ, સામો જે સ્થાને જવાનો હોય, એ સ્થાને આપણને લઈ જાય ! આપણા જ્ઞાન સાથે હવે એ સ્થાનમાં આપણને શી રીતે પોષાય ? એક બાજુ જાગૃતિ ને એક બાજુ આ વળગણ, એ શી રીતે પોષાય ? પણ તોય હિસાબ ચૂકવવો પડે.

**પ્રશ્નકર્તા :** એ રૂપકમાં તો આવે ને ?

**દાદાશ્રી :** હા, એ કેવું રૂપકમાં આવે, કે એ સ્ત્રી આપણી બીજા ભવમાં મધર થાય, વાઈફ થાય, જો એક જ કલાકનું વિષયસંબંધી એના માટે ધ્યાન કરે તો ? એવું છે આ ! આ એકલું જ આપણે ચેતતા રહેવા જેવું છે, બીજા કશામાં ચેતવાનું નથી કહેતા.

## (સૂત્ર - ૧૨)

**પુરુષને સ્ત્રીનો અસંતોષ હોય ને સ્ત્રીને પુરુષનો અસંતોષ હોય એટલે પછી ત્યાં ચિત્ત ચોંટે.**

કોઈ પુરુષથી સ્ત્રીઓ સામું જો જો ના કરાય અને કોઈ સ્ત્રીથી પુરુષ સામું જો જો ના કરાય. પોતાનું જે હોય તે જ છૂટ છે. હલવાઈની દુકાને લોકો જો જો નથી કરતા. કારણ કે એ જાણે છે કે આપણું ન હોય. પણ આ પુરુષો સ્ત્રીઓને જોયા કરે છે અને સ્ત્રીઓ પુરુષોને જોયા કરે છે. અલ્યા, આમાં શું જોવાનું તે ? આ તો તડબૂચા જાય છે બધા. એમાં શું જોવાનું છે ?

આવું કોઈ કહેતું નથી ! સબ ચલને દો, એવું બોલ્યા કરે ને ! પણ આ તો ભયંકર જોખમદારી છે. પોતાના હક્કનું ભોગવો. પોતાની પૈણેલી સ્ત્રી હોય, તો એ સ્ત્રીના મા-બાપ હઉ પૈણાવે છે એને, ગામવાળાઓ પૈણાવે છે, એટલે બધા લોકો 'એક્સેપ્ટ' (સ્વીકાર) કરે છે ને ! એ હક્કનો વાંધો નથી, પણ બીજું તો જોવાય નહીં. બીજે ક્યાંય દૃષ્ટિ બગાડાય નહીં. પણ આવો ઉપદેશ કોઈએ આપ્યો નહીં. આવી ને આવી પોલ ચાલવા દીધી, તે ગાડું ઊંધું ચાલ્યું.

આ તો જગત છે. શું દૃષ્ટિ ના બગડે ? એટલો બધો કંટ્રોલ શી રીતે આવે ? આ જ્ઞાન લીધું હોય તો કંટ્રોલ રાખી શકે. બાકી અણહક્કનું ભોગવવાના વિચાર આવ્યા, ત્યારથી જાનવર ગતિમાં જાય. આપણા મનમાં એમ થાય કે આપણું શું થવાનું છે ! એટલે લોક ભય નથી રાખતા. પણ આ જગત તો બધું ભયનું જ કારખાનું છે. માટે ચેતીને ચાલો. ભયંકર કળિયુગ છે. દિવસે દિવસે ડાઉન (ઉતરતો) કાળ આવ્યા કરે છે. વિચારો ને બધું ખરાબ બગડતું જ જવાનું. માટે મોક્ષે જવાની વાત કરશો તો કંઈક દહાડો વળશે !

જેને જોવાનો અસંતોષ હોય તે જ્યાં ને ત્યાં આંખો ફેરવ ફેરવ કરતો હોય. પુરુષને સ્ત્રીનો અસંતોષ હોય ને સ્ત્રીને પુરુષનો અસંતોષ હોય એટલે પછી ત્યાં ચિત્ત ચોંટે. આને ભગવાને 'મોહ' કહ્યો. દેખતાની સાથે જ ચોંટે. સ્ત્રી દેખી કે ચિત્ત ચોંટી જાય. આ લોક પાંસરા રહેતા હશે ? આ તો ક્યાંય સુખ પડતું નથી તેથી વલખા જ મારે છે. કો'ક પુણ્યશાળી હોય તે વલખા ના મારતો હોય, ત્યારે એ લોભમાં પડ્યો હોય.

સ્ત્રીને પુરુષની ભૂખ હોય તો સ્ત્રીનું ચિત્ત પુરુષમાં ચોંટી જાય. સ્ત્રીની ભૂખ હોય તો સ્ત્રીને દેખે તો પુરુષનું ચિત્ત સ્ત્રીમાં ચોંટી જાય. આમ નજરું લાગવાથી બગડ્યું છે બધું.

મોક્ષે જતા નડતું હોય તો સ્ત્રી વિષય એકલો જ નડે છે અને તે જોવા માત્રથી જ બહુ નડે છે. વ્યવહારમાં આટલો જ ભય છે, આટલું જ ભય સિગ્નલ છે. બીજે બધે ભય સિગ્નલ નથી. એટલે છોકરાઓને કહેલું ને, કે સ્ત્રી તરફ દૃષ્ટિ સરખી માંડશો નહીં અને દૃષ્ટિ મંડાઈ જાય તો એનો ઉપાય આપેલો છે. સાબુ ઘાલીને ધોઈ નાખવાનું. આ કાળમાં મોટામાં મોટું પૉઈઝન (ઝેર) હોય તો વિષય જ છે. આ કાળના મનુષ્યો એવા નથી કે જેને ઝેર ના ચઢે. આ તો પોમલા બિચારા ! ધાર્યા પ્રમાણે ગમે તેમ ફરે તો ઝેર ચઢી જાય કે નહીં ? આ તો આજ્ઞામાં રહે છે એટલે ઝેર નથી ચઢતું, પણ આજ્ઞામાં ના રહે તો ? એક જ ફેરો આજ્ઞા તૂટી કે પૉઈઝન ફરી વળે, હડહડાટ ! આમનું ગજું જ નહીં ને !

**(સૂત્ર - ૧૩)**

**સ્ત્રીએ પુરુષથી ને પુરુષે સ્ત્રીથી બિલકુલ લપ્પન-છપ્પન નહીં રાખવી જોઈએ, નહીં તો એ ભયંકર રોગ છે ! અહીં તો ચેતન મિશ્રિત થયું ને ! એટલે સ્ત્રી-પુરુષોએ બન્નેએ ચેતવા જેવું, ભયંકર જોખમ છે !**

સ્ત્રી-પુરુષોમાં આ કળિયુગના આધારે સામસામી અસર થાય છે. બંનેને સંતોષ હોય તોય બહાર કંઈક જુએ છે, તો દૃષ્ટિ મંડાઈ જાય છે. એ મોટામાં મોટું ભય સિગ્નલ છે. આ દૃષ્ટિમાં મીઠાશ વર્તે તેય બહુ મોટું જોખમ. તમે માની હો, તો તમને કોઈ સ્ત્રી માન આપે તો તમારી દૃષ્ટિ ખેંચાઈ જાય, લોભી હોય તો તેને લોભ આપે તોય દૃષ્ટિ ખેંચાઈ જાય. પછી બધું જીવન ખેદાનમેદાન કરી નાખે !

એટલે ચેતવાનું શું કે સ્ત્રીએ પુરુષથી ને પુરુષે સ્ત્રીથી બિલકુલ લપ્પન-છપ્પન નહીં રાખવી જોઈએ, નહીં તો એ ભયંકર રોગ છે ! એ વિચારથી જ માણસને બેભાનપણું રહે છે, તો પછી આત્માની જાગૃતિ ક્યારે થાય ? એટલે આટલું ચેતવાનું છે ! આમાં શું અઘરું છે કશું ?

**પ્રશ્નકર્તા :** ત્યાં સાવચેત રહેવું જોઈએ.

**દાદાશ્રી :** એટલેથી જ છેટું રહેવા જેવું છે. બીજી બધી બાબતો અમે છોડી દેવડાવીએ, રસ્તો કરીએ પણ અહીં તો ચેતન મિશ્રિત થયું ને ! એટલે સ્ત્રી-પુરુષોએ બન્નેએ ચેતવા જેવું, ભયંકર જોખમ છે ! હંમેશાં નીચું જ જોવું, બીજો કોઈ બાધ આપણા માર્ગમાં નથી. ઘેરેય આની આ જ વાતચીત કરવી. તે પછી ઘરના બધા સમજી જાય કે દૃષ્ટિ ઊંચી કરવા જેવી જ નથી.

'વેરાઈટિઝ ઑફ પેકિંગ્સ' (જાતજાતનાં ખોખાં) છે ! આનો પાર આવે એવો નથી, પણ એટલી બધી જાગૃતિય રહેતી નથી. એટલે નક્કી જ કરવું કે જે થવાનું હોય તે થાય, પણ દૃષ્ટિ માંડવી જ નથી. નહીં તો બીજ તો બહુ મોટા પડી જાય, તે આવતો ભવ ખલાસ કરી નાખે ! પેલી જ્યાં જાય ત્યાં આને જવું પડે અને પછી ખલાસ થઈ જાય.

**(સૂત્ર - ૧૪)**

**આખા જગતની માયા અહીં જ ભરેલી**

**છે. સ્ત્રીઓની માયા પુરુષોમાં છે ને પુરુષોની માયા સ્ત્રીઓમાં છે.**

વિષય જો નાછૂટકે ભોગવવો પડે તો એ વિષ નથી. તું પૈસા છૂટથી વાપરે કે નાછૂટકે ? આ તો પૈસાની જ વાત છે. પણ આ એક જ વખતના વિષયમાં તો અબજો-અબજોનું નુકસાન છે, ભયંકર હિંસા છે. આ પૈસાની બહુ કિંમત નથી, પૈસો તો ફરી આવે. આ બધા હિસાબ ભોગવવા પડશે. જેટલા હિસાબ બાંધવા હોય એટલા બાંધજો. જેટલી મજબૂતી હોય એટલા હિસાબ બાંધજો, બાકી ભોગવતી વખતે સહન ના થાય ને રડારડ કરે. એના કરતાં પહેલેથી જ ચેતીને હિસાબ બાંધજો. એ બધા હિસાબ છોડવા તો પડશે ને ? વિષયની વેદના કરતાં નર્કની વેદના સારી. આ વિષય તો બીજ નાંખે પાછું. નર્કમાં બીજ પડે નહીં, નર્કમાં ભોગવવાનું એકલું જ, ડેબિટ પૂરી થઈ ગઈ. અને ક્રેડિટ હોય તો ત્યાં દેવગતિમાં પૂરી થાય છે. જ્યારે વિષયમાં તો નવા બીજ પડ્યા વગર રહે જ નહીં. આ તો અમને બહુ નાનપણમાંથી વિચારો આવતા, બધા બહુ વિચારો કરી નાખેલા.

‘ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.’ હવે કાષ્ટની પૂતળી શી રીતે ગણે ? ગણવું તે કંઈ સહેલું છે ? આ લોક તો સાચે જ કાષ્ટની પૂતળી લાવી આપીએ તોય આમ બાથમાં ઘાલ ઘાલ કરે એવા છે ! ગણે કાષ્ટની પૂતળી તે ગણવું ગણી શકાય એવું નથી. એ તો સમજણપૂર્વક જોશો તો સમજાય. પણ જેને આ કાષ્ટની પૂતળી દેખાય છે, એ પુરુષ તો કેવો હોય કે એને આમ આરપાર દેખાય. પહેરેલે કપડે કપડાંની અંદર ચામડી ને ચામડીની અંદર શું શું છે એ બધું એમ ને એમ દેખાયા કરે. પછી મોહ ચઢે જ નહીં ને ! આ મોહ જ બધો ખોટો છે ને !

હવે અહીં દેખે ને વૈરાગ આવે, તે તો ભગવાન જ કહેવાય ! હાડકાં, માંસ, લોહીથી ભરેલો આ દેહ એના જેવો જગતમાં કોઈ ગંદવાડો નથી. જ્યારે આ દેહ જ મોક્ષનું કામ કાઢે તો એના જેવું કોઈ બીજું ઉત્તમ નથી ! મનુષ્ય દેહ છે, એનાથી જેમનું કામ કાઢવું હોય તેમનું થાય એવું છે.

બ્રહ્મચર્યથી તો મનને સંસ્કારી કરવાનું છે ને જ્ઞાન સમજવાનું છે કે ક્યાંય ખેંચાણ ના થાય. અમને આ સ્ત્રી-પુરુષો કેવા દેખાય ? પહેલા તદ્દન નાગાં દેખાય, પછી ચામડી કાઢી નાખેલા દેખાય એટલે પછી વૈરાગ જ રહે ને ! વૈરાગ તે કંઈ મારી-ઠોકીને ના આવે, એ તો જ્ઞાનથી આવે.

**પ્રશ્નકર્તા :** આ તો બહુ ગૂઢ કહેવાય.

**દાદાશ્રી :** આ સમજવા બેસે તો બહુ ઊંડું છે, પણ છતાં સહેલું છે. ક્યાંય વિરોધાભાસ ન ઊભો થાય. આ સૈદ્ધાંતિક જ્ઞાન છે અને સબળ અનુભવપૂર્વકનું જ્ઞાન છે. આ તો આપણો અક્રમ માર્ગ, તેથી આપણે ખાવા-પીવાની છૂટ મૂકી, બધા પ્રકારની છૂટ મૂકી, પણ આપણે વિષય સામે ચેતવાનું કહીએ છીએ ! બાકી, વિષયથી તો ભગવાન પણ ડર્યા હતા. આપણે તો સિનેમાની પણ છૂટ આપી. કારણ કે સિનેમામાં એવો તન્મયાકાર ના થાય, જ્યારે વિષયમાં તો ભારે તન્મયાકાર થાય છે. મનુષ્યનો સ્વભાવ હરૈયો છે. હરૈયો એટલે જ્યાં દેખે ત્યાં ચોંટે, જ્યાં દેખે ત્યાં ચોંટે. બીજી બધી વસ્તુમાં રૂપ જોવાનું છે, આમાં રૂપ છે જ ક્યાં, તે જોવાનું ? આ તો ઉપરથી જ રૂપાળા દેખાય છે. પેલી કેરી તો અંદર કાચી હોય તોય સ્વાદ લાગે ને દુર્ગંધેય ના આવે અને આને કાપો તો ? દુર્ગંધનો પાર ના હોય.

એટલે આ અહીં જ માયા છે. આખા જગતની માયા અહીં જ ભરેલી છે. સ્ત્રીઓની માયા પુરુષોમાં છે ને પુરુષોની માયા સ્ત્રીઓમાં છે.

**પ્રશ્નકર્તા :** તેથી જ બધું અટક્યું છે ને ?

**દાદાશ્રી :** હા, તેથી જ અટક્યું છે.

આપણી પાસે તો જ્ઞાન છે. જ્ઞાન હાજર હોય તો બીજ પડવાનું અટકી જાય, છતાં પ્રતિક્રમણ કરે તો જ ઉકેલ આવે. શુદ્ધાત્મા જોઈને ચોંટ ધોઈ નાખવાની. નહીં તો આ ચિત્ત ચોંટે તો, એનું ફળ બે-પાંચ હજાર વર્ષેય આવે !

## (સૂત્ર - ૧૫)

**સ્ત્રી-પુરુષોએ એકબીજાને અડાય નહીં, બહુ જોખમ છે. જ્યાં સુધી પૂર્ણ થયા નથી, ત્યાં સુધી અડાય નહીં. નહીં તો એક પરમાણુ પણ વિષયનું મહીં પેસે તો કેટલાય ભવ બગાડી નાખે.**

અમે અખંડ બ્રહ્મચારી છીએ. જેને કોઈ દા'ડો વિચાર જ નહીં આવ્યો આજ અઠ્ઠાવીસ વર્ષથી જ્ઞાન થયા પછી. એટલે અમે સ્ત્રીઓને અડી શકીએ, નહીં તો સ્ત્રીને ના અડાય.

સ્ત્રી-પુરુષોએ એકબીજાને અડાય નહીં, બહુ જોખમ છે. જ્યાં સુધી પૂર્ણ થયા નથી, ત્યાં સુધી અડાય નહીં. નહીં તો એક પરમાણુ પણ વિષયનું મહીં પેસે તો કેટલાય ભવ બગાડી નાખે. અમારામાં તો વિષયનું પરમાણુ જ ના હોય. એક પરમાણુ પણ બગડે તો તરત જ પ્રતિક્રમણ કરવું પડે. પ્રતિક્રમણ કરે તો સામાને ભાવ ઉત્પન્ન ના થાય.

સ્ત્રીને અડવાનો અધિકાર કોઈનેય નથી. કારણ કે સ્ત્રીને અડે તો પરમાણુની અસર થયા વગર રહે નહીં. પરસ્ત્રીને સહેજ અડ્યા હોય, તો કલાક સુધી ધોવું પડે. 'જ્ઞાની પુરુષ' એકલાને જ ચરણે અડીને સ્ત્રીઓ વિધિ કરે. 'જ્ઞાની પુરુષે' તો વિષયના બધા બીજ ઉખેડીને ફેંકી દીધા હોય. એમનામાં વિષયનું બીજ જ ના હોય. અડવાનો અધિકાર કોને ? નવમું ગુંઠાણું ઓળંગી ગયેલો હોય તેને. કારણ કે એને તો વિષય સંબંધી વિચાર જ ના આવે ને ! એ વિચારો જ બંધ ને ! એવું થાય પછી તો એને મગજમાં બધા ઊર્ધ્વ જ વિચારો થાય, બધી શક્તિઓ ઊર્ધ્વ જ જાય.

આ જ્ઞાન થયા પછી અમને કોઈ દિવસ વિષયનો વિચાર આવ્યો નથી. વિષયનો વિચાર આવ્યો ના હોય, જેનું મનોબળ જબરજસ્ત જ્ઞાનપૂર્વક થઈ ગયું હોય, પછી તેને વાંધો નહીં. તેથી અમને સ્ત્રીઓ આમ ચરણે અડીને વિધિ કરી શકે ને ! પણ બીજા કોઈનેય સ્ત્રીઓને અડવાની છૂટ નહીં અને સ્ત્રીઓએ પણ કોઈનેય અડવાની છૂટ નહીં, અડાય જ નહીં. બીજાને તો સ્ત્રી અડતા પહેલા જ વિષય વિચાર ઊભો થાય. અમને તો 'થ્રી વિઝન'થી એક જ સેકન્ડમાં બધું આરપાર દેખાય છે. અમારું એટલું બધું ઊંચું દર્શન હોય, પછી શી રીતે રોગ ઊભો થાય ?

અને અમને પુદ્ગલ ઉપર રાગ જ નહીં ને ! આ મારા જ પુદ્ગલ ઉપર અમને રાગ નહીં. પુદ્ગલથી હું તદ્દન છૂટો રહું છું. પોતાના પુદ્ગલ ઉપર જેને રાગ હોય તેને બીજાના પુદ્ગલ ઉપર રાગ થાય. અનંત અવતારથી આનું આ જ ભોગવ્યું તો પણ છૂટતું નથી, એ અજાયબી જ છે ને ! કેટલાય અવતારથી વિષયસુખનો વિરોધી થયેલો હોય, વિષયસુખને આવરણિક દૃષ્ટિ રહિત ખૂબ ખૂબ વિચાર્યું હોય, જબરજસ્ત વૈરાગ ઉત્પન્ન થયેલો હોય તો એ છૂટે. વૈરાગ ક્યારે ઉત્પન્ન થાય ? એને મહીં જેવું છે તેવું દેખાય ત્યારે.

ખાલી સ્પર્શથી જ આ બંધન રહ્યું છે. આ જગતનું બંધન જ (સ્ત્રી) સ્પર્શથી થયું છે અને (જ્ઞાનીના) સ્પર્શથી જ છૂટે, પણ જે છૂટેલા હોય એના (જ્ઞાનીના) સ્પર્શથી આપણે છૂટી જઈએ અને બંધાયેલાના (સ્ત્રી-પુરુષના) સ્પર્શથી આપણે બંધાઈએ.

## (સૂત્ર - ૧૬)

**સીલબંધ પેટ્રોલના ડબ્બા હોય, હવા પણ ના નીકળે એવા હોય, છતાં આ રૂમમાં કોઈ બીડી પીવે તોય ડબ્બા સળગી જાય. માટે સ્ત્રી-પુરુષોએ 'બિવેર ઑફ પેટ્રોલ' એવું બોર્ડ મારવું.**

અનંત અવતારથી દર્શનમોહને લીધે ઊભી થયેલી આ સંસાર જંજાળ છે, તે સમ્યક્દર્શન થાય ત્યારે દર્શનમોહ તૂટે. જગત શાથી ઊભું રહ્યું છે ? દર્શનમોહથી. આટઆટલું કરવા છતાં મુક્તિને કેમ નથી પામતા ? દર્શનમોહ નડે છે. કોઈ માણસ રાતે જમ્યો હોય, પણ સવારે પાછી કકડીને ભૂખ લાગી હોય, તો એ સોનાની દુકાન કે સાડીની દુકાન ના જુએ. પણ એને તો કંદોઈની દુકાન જ દેખાય. શાથી ? એનું ચિત્ત ખાવા માટે જ ભટક્યા કરતું હોય ? દેહમાં ભૂખની ઈફેક્ટ (અસર) થઈ એટલે ખાવાનો મોહ થયા કરે, એનું નામ દર્શનમોહ. દેહને વિષયની ભૂખ લાગે તો સ્ત્રીનો મોહ જાગે. એટલે આ દર્શનમોહથી તો આવતા અવતારના બીજ નાખે છે. તેથી આવતા અવતારનો સંસાર ઊભો કરે છે. વીતરાગને એકુંય નજર ના લાગે. માટે સંસારથી છૂટવું હોય તો વીતરાગ થા. પણ વીતરાગ કેવી રીતે થાય ? દર્શનમોહ તૂટે એવી કોઈ રીત કર ! દર્શનમોહથી સંસાર ઊભો રહ્યો છે.

આપણે કંઈક સારા ભીંડા જોયા તો આપણી આંખ ત્યાં ચોંટી જાય. કંઈક સારું જોયું ત્યાં નજર ચોંટી જાય. નજર ચોંટી એટલે સંસાર ઊભો થઈ ગયો. આ જગત ઉઘાડી આંખે જોવા જેવું છે જ નહીં. તેમાંય કળિયુગમાં તો ભયંકર અસરો કરે. આ આંખમાંથી બહુ સંસાર ઊભો થઈ જાય છે.

આ જગતમાં તો બધી ભ્રમિત કરે એવી જ ચીજ છે ને ? જ્યાં મન જ કાચું છે, ત્યાં શું થાય ? આમાં જોવા જેવું છે જ શું તે ? આ તો જોવાની કટેવ કહેવાય. જે દેખાય છે એની પર મોહ થાય છે. આ તો માણસને બધા પર્યાયનું જ્ઞાન હોય નહીં ! આ ખાધેલું ઊલટી થઈ જાય. પછી ઊલટી થઈ, એ ભાગ પેલું ખાધેલું છે, એનો જ ભાગ છે એવું ઍટ એ ટાઈમ લક્ષમાં ના રહે ને ! જેમ આ કેરી હોય છે, તે મોર આવે, પછી ફળ બેસે, નાની નાની કેરીઓ આવે, એ તૂરી લાગે, પછી ખાટી થતી જાય, પછી મીઠી થાય, એ જ પાછી કહોવાઈ જાય, બગડી જાય, ગંધાઈ ઊઠે, સડી જાય. એ બધા જ પર્યાય ઍટ એ ટાઈમ હાજર રહે, પછી કેરી પર મોહ જ ના થાય ને ! ખાવા જેવું, જોવા જેવું તો સત્યુગમાં હતું. આજની સ્ત્રીઓ જોવા જેવી નથી દેખાતી, પુરુષો જોવા જેવા નથી દેખાતા. આ તો ઊતરી ગયેલી કેરીયું જેવા દેખાય છે ! અલ્યા, આ ઊતરી ગયેલા માલ પર શું જોવા જેવું લાગે છે તને ? સ્ત્રી એ પુરુષનું સંડાસ છે અને પુરુષ એ સ્ત્રીનું સંડાસ છે.

જેને મોક્ષે જવું હોય તેણે સ્ત્રી જાતિ ઉપર કે સ્ત્રીએ પુરુષ જાતિ ઉપર દૃષ્ટિ જ માંડવાની બંધ કરવી. નહીં તો આનો ઉકેલ જ નહીં આવે. આ ચામડી કાઢી નાખે તો શું દેખાય ? પણ આ માણસો તો આમેય એવા ગંધાય છે કે એમ થાય કે આ તો કઈ જાતના માણસ છે ! પહેલાના કાળમાં એવી સ્ત્રીઓ હતી પદ્મિની-સ્ત્રીઓ, તે સુગંધ આવે, બાજુમાં બેઠી હોય તો પણ અહીં સુગંધ આવ્યા કરે. અત્યારે તો આ પુરુષોમાં બરકત જ નથી ને સ્ત્રીઓમાં પણ બરકત નથી. બધો ફેંકી દેવાનો માલ, કાઢી નાખવાનો માલ કહેવાય, રબિશ મટિરિયલ્સ (કચરો માલ). એમાં પાછો મોહ ચોંટાડે. અલ્યા, એમાં કશું મોહ રાખવા જેવું તને લાગ્યું ? કેમ ધોળી ચામડી હોય તેથી ? સીલબંધ પેટ્રોલના ડબ્બા હોય, હવા પણ ના નીકળે એવા હોય, છતાં આ રૂમમાં કોઈ બીડી પીવે તોય ડબ્બા સળગી જાય. માટે સ્ત્રી-પુરુષોએ 'બિવેર ઑફ પેટ્રોલ' (પેટ્રોલથી ચેતો) એવું બોર્ડ મારવું.

## (સૂત્ર - ૧૭)

**શાસ્ત્રકારોએ કહ્યું છે, કે પેટ્રોલ અને અગ્નિ એ બે જોડે ના મૂકાય. છતાં આપણે અહીં જોડે બને છે. તો આટલું ચેતીને ચાલવાનું કે દીવાસળી ના પડવી જોઈએ.**

પહેલા તો લોકોની એકાદ જગ્યાએ દૃષ્ટિ બગડતી. આજે તો ઠેર ઠેર દૃષ્ટિ બગડે છે ! તે

પછી હિસાબ ચૂકવવા જવું જ પડે. એટલે એ જ્યાં જાય, હલકી નાતમાં જાય તો આપણે પણ હલકી નાતમાં જવું પડે. છૂટકો જ નહીં. હિસાબ ચૂકવવો જ પડે. હવે આ બધા બિચારાને આની ખબર જ ના હોય ને, કે આની જવાબદારી શું છે ? તમે જાણો કે આ લોકો આવું કરે છે ? તે આપણેય એવું કરીએ છીએ. વીંછી જો ડંખ મારે તો તરત કેમ છેટા રહો છો ? 'આમાં ડંખ મારનારું છે' એમ કોઈ દેખાડનાર નથી ને !

નીચી નાતમાં ઊંચા પુરુષોને શા માટે જન્મવું પડે છે ? વિષય-વિકારના રોગ જેને લાગુ થયા છે, એ બધાય નીચી નાતોમાં જન્મ પામે છે, એક જ આધારે. વિષય-વિકાર જેને ઓછા હોય, તે ઊંચી નાતમાં, ઊંચા કૂળમાં અને ઉચ્ચ ગોત્રમાં હોય. વિષયદોષ ઓછો એટલે ! દૃષ્ટિ જ ફેર થવાથી એ જ્યાં જાય ત્યાં જવું પડે. એટલે ચેતવાનું છે. પોતાની સ્ત્રી સિવાય બીજે દૃષ્ટિ જ ના બગડવી જોઈએ. બીજે દૃષ્ટિ બગડી તો ખલાસ થઈ ગયું. હું શું કહું છું કે બીજી કોઈ સ્ત્રીને જોઈશ નહીં, કુદરતી રીતે તારે ભાગે આવેલી હોય, તેને તું ભોગવ. કો'કની સ્ત્રી ઉપર નજર કરે તો તે ચોરી કર્યા બરાબર છે. આપણી સ્ત્રી ઉપર કોઈ નજર કરે તો તમને સારું લાગે ખરું ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** એવું આપણે પણ કાયદેસર રહેવું જોઈએ. ગમે એવી દેખાવડી હોય તોય છોકરી પર નજર જાય નહીં, આટલું સાચવવાનું કહ્યું છે.

**પ્રશ્નકર્તા :** પવિત્ર રહેવાનું.

**દાદાશ્રી :** હા, પવિત્ર રહેવાનું છે. પવિત્ર રહેવા છતાં ક્યાંક આંખ ખેંચાઈ જાય અને કંઈક જરા ભૂલ થઈ ગઈ હોય તો અમે સાબુ આપેલો છે, તેનાથી તરત જ ડાઘ ધોઈ નાખજો. તરત ધોઈ ના નાખે તો કપડું મેલું થયા કરે. આ છોકરાઓને બિચારાને દૃષ્ટિ બગડે. તમારે મોટી ઉંમરનાને પણ સાબુ આપવો પડે. કારણ કે આ આંખ તો ક્યારે બગડશે, તે કહેવાય નહીં. અમે આ સ્ત્રી સાથે મોક્ષ આપેલો છે. તમને હું કહું કે સ્ત્રી મૂકીને અહીં આવતા રહો ને એને મનમાં દુઃખ થયું, તો પછી તમે કોઈ દહાડો મોક્ષે જઈ શકો ? અને હું તમને બોલાવું તો હુંયે મોક્ષે જઉં ખરો ? તમને બેઉને રખડાવી માર્યા, તેમાં મારોય મોક્ષ થાય ખરો ?

વાંધો ફક્ત સ્ત્રી-પુરુષો બે સામસામે ભેગા થાય છે ત્યાં આગળ મૂળ દૃષ્ટિનો રોગ છે. તે દૃષ્ટિ બગડે તો પ્રતિક્રમણ કરી લેવું. બસ, એટલો જ વાંધો ! બીજો કોઈ વાંધો નથી. કારણ કે શાસ્ત્રકારોએ કહ્યું છે, જગતે કહ્યું છે કે પેટ્રોલ અને અગ્નિ એ બે જોડે ના મૂકાય. છતાં આપણે અહીં જોડે બને છે. તો આટલું ચેતીને ચાલવાનું કે દીવાસળી ના પડવી જોઈએ.

અહીં આ સ્ત્રીઓને, પુરુષોને, દરેકને પ્રતિક્રમણનું સાધન આપ્યું છે. દૃષ્ટિ બગડી કે તરત પ્રતિક્રમણ કરવું, પછી જોખમદારી મારી. કારણ કે તમે પ્રતિક્રમણ કર્યું, મારી આજ્ઞા પાળી એટલે જોખમદારી બધી મારી. પછી આપને શું જોઈએ ? જોખમદારી દાદા લેતા હોય, પછી શો વાંધો છે ?

આપણા જ્ઞાનથી બહાર તો દૃષ્ટિ બેસે જ નહીં અને બેસે તો ઉખેડીને પાછું પ્રતિક્રમણ કરી લે. બેસે ખરી પહેલાનો માલ ભરેલો એટલે, પણ ઉખેડીને પ્રતિક્રમણ કરે.

**પ્રશ્નકર્તા :** દૃષ્ટિ ના બગડે, મન ચોખ્ખું રહે, એના માટે તો કેટલી બધી જાગૃતિ રાખવી પડે ?

**દાદાશ્રી :** ઓહોહો, એની જાગૃતિ ના રાખે, ત્યારે તો પછી કરવાનું શું ત્યારે ? એ તો ફાઈલો હજુ આવતા ભવમાંય ચોંટે પાછી. ગયા અવતારની ચોંટેલી, તે આ જ્ઞાને કરીને ઉખાડી નાખવાની છે. નવી ચોંટે નહીં એ જ જોવાનું ને !

## (સૂત્ર - ૧૮)

**મિશ્રચેતન જોડેના એક-એક દોષને સંભારીને, એક-એક દોષને ખોળીને આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરજો. જ્ઞાની પુરુષની આજ્ઞામાં રહેવાથી દોષોના ઓપરેશન થતા જાય.**

નાનપણથી તે અત્યાર સુધી જેની જેની જોડે વિષય-વિકાર સંબંધી જે જે દોષ કર્યા હોય એ દોષોને યાદ કરી અને ભગવાન મહાવીરની સાક્ષીએ અથવા શ્રી સીમંધર સ્વામીને નમસ્કાર કરું છું એમ કહીને માફી માંગજો, એક સામાયિક કરજો. આટલું કરજો, થાય એટલું ?

**પ્રશ્નકર્તા :** થાશે. જેટલા યાદ આવશે એટલા બધા કરી જઈશું.

**દાદાશ્રી :** યાદ આવે એટલો વખત કરજો. જેની ઈચ્છા છે, જે સરળ છે, એને યાદ આવ્યા વગર રહેશે નહીં. અને ભગવાનના માર્ગમાં સરળતા એ મોક્ષનો સરળ રસ્તો, ઊંચો રસ્તો. સરળ ના થયો તો ભગવાનના માર્ગમાં જ નથી.

પહેલું દાદાનું ધ્યાન ધરી, સ્મરણ કરીને, એકાદ પદ વાંચી અને પછી ત્રિમંત્ર બોલીને, પછી 'હું શુદ્ધાત્મા છું'ની સ્થિરતા કરી લેવાની, પછી આજથી તે નાનપણ સુધીના જે જે બનાવો બન્યા હોય, વિષય વિકારી દોષો કર્યા હોય એ બધું જેટલું તમને દેખાય, એટલા બધાના પ્રતિક્રમણ કરવાની શરૂઆત તમે કરજો. આજથી પાછા ચાલવાનું, ગઈ કાલે કોની જોડે કર્યું, પરમ દહાડે કોની જોડે કર્યું, ચોથે દહાડે કોની જોડે કર્યું, અથવા નાનપણથી સંભારવાનું એ જેટલું યાદ આવે ને, એના પ્રતિક્રમણ કરવાના. એ યાદ આવશે, કુદરતી રીતે જ યાદ આવશે. તમારે યાદ નહીં આવે તો શું કરીશું એવું ગભરાવું નહીં. તમે શરૂ કરશો કે ધોધમાર વરસાદ પડશે ! રણમાંય વરસાદ પડશે ! અને પછી જ્યાં આગળ હિંસા જેવા દોષ કર્યા હોય, અગર તો વાણીથી હિંસા કરી હોય, અગર તો કપટ કર્યા હોય, કંઈ લોભ કર્યા હોય, માન કર્યા હોય, ધર્મમાં વિરાધના કરી હોય તે બધાનું પ્રતિક્રમણ કરતા કરતા આગળ ચાલો. પછી અબ્રહ્મચર્ય સંબંધી અણહક્કના ભોગ ભોગવ્યા હોય અને વિચાર પણ એવો કર્યો હોય, એ પણ બધાને સંભારીને ધો ધો કરજો. જગત જેની નિંદા કરે, જ્યાં નિંદા થાય એવું હોય તેનું ફળ નર્કના અધિકારી થાય ! માટે એ બધાનું પ્રતિક્રમણ કરી નાખજો.

**પ્રશ્નકર્તા :** ભૂલો ખ્યાલમાં ન આવે તો ?

**દાદાશ્રી :** તો દાદાને યાદ કરીને કહેવું, 'હે દાદા ભગવાન, હવે યાદ નથી આવતું.' તે પાછું યાદ આવવા માંડશે અને જેટલા દોષ દેખાયા એટલા દોષ ભાંગી જશે. હવે સુખ પોતાને મહીં શરૂ થઈ ગયું છે, પણ પૂર્વેના મિશ્રચેતન જોડેના હિસાબ બાકી હશે તે દાવા માંડશે. અને આમ માર ખાઈને પાંસરા થવા કરતાં મિશ્રચેતન જોડે થયેલા દોષોની માફી જ માંગ માંગ કરીએ એટલે હલકા થઈ જવાય. છોકરાં જોડે, પત્ની જોડે, ફાધર-મધર એ બધા મિશ્રચેતન જ કહેવાય. એ બધાના પ્રતિક્રમણ કરવાના. આજ્ઞા પાછળ જ્ઞાની પુરુષનું વચનબળ કામ કરે એટલે કામ નીકળી જાય.

હવે અત્યારથી જોતા જોતા જોતા ઠેઠ નાની ઉંમર સુધી અંદર જોયા કરો. જોતા જોતા આ વર્ષથી ગયા વર્ષમાં, એના આગલા વર્ષમાં એમ કરતા કરતા બધું દેખાશે, ઠેઠ સુધી. નાનપણથી અત્યાર સુધીનું જોવું અગર તો અત્યારથી નાનપણ સુધી જોવું. ગમે તે એક અભ્યાસમાં પડી જજો મહીં. આત્મા થકી જોજો મહીં, અટકે તોય જો જો કર્યા કરજો. એટલે દેખાતું જશે આગળ. અંતરાયો ઘણી વખત ના હોય અને કોઈને હોય તો અટકે અને અંતરાય ઓછા હશે તેને બધું દેખાતું જશે. ઠેઠ નાના હતા ત્યાં સુધી બધું દેખાશે, શું શું કર્યું તે બધુંય.

આ ચેતન વાણી છે. તે ચેતન વાણી જ કામ કરશે. શુદ્ધતાપૂર્વક બેસીને પ્રતિક્રમણ શરૂ કરી દો. પાંચ મહાવ્રત છે, તે મહાવ્રતનો ક્યાં ક્યાં ભંગ થયો એનું જ કરવાનું છે, બીજું કશું કરવાનું નથી. બાકી હર્યા હોય, ફર્યા હોય, પાન ખાધું હોય, એનું નથી કરવાનું. મનુષ્યને મનુષ્યના સામસામી દોષ થયા હોય તેના પ્રતિક્રમણ કરવાના છે. એટલે મિશ્રચેતન જોડેના જે દોષ થયા હોય તે દોષ માટે પ્રતિક્રમણ કરવાનું આપું છું. આ 'દાદા'ની આજ્ઞા થઈ છે તે પાળજો. આમ તો રોજ પ્રતિક્રમણ કર્યા કરીએ છીએ. કોઈ મિશ્રચેતન પ્રત્યે વિષયનો વિચાર આવ્યો હોય, કંઈ દોષ કર્યા હોય, તે બધાને નાનપણથી અત્યાર સુધીનું યાદ કરી કરીને પ્રતિક્રમણ કરવાનું. આ પ્રતિક્રમણ આજ્ઞાપૂર્વકનું છે, તે બધું ધોવાઈ જશે. માણસનો શું આચાર ના થાય ? પણ આજ્ઞા પાળી એટલે ચોખ્ખું થઈ જાય.

મિશ્રચેતન જોડેના એક-એક દોષને સંભારીને, એક-એક દોષને ખોળીને આલોચના-પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરજો. જ્ઞાની પુરુષની આજ્ઞામાં રહેવાથી દોષોના ઓપરેશન થતા જાય. આ તો 'લિફ્ટ' માર્ગ છે. તે રસ્તે ચાલતા માર્ગ મળી ગયો છે ને ! એટલે આમ આજ્ઞામાં રહેવાથી માલ ચોખ્ખો થતો જાય. એમ કરતા કરતા મોક્ષે જવાશે.

## (સૂત્ર - ૧૯)

**અમારી ગૅરન્ટી છે, જો અમારું આ 'જ્ઞાન' (આ આજ્ઞા) પાળશો તો એકાવતારની ગૅરન્ટી છે. પણ વિષય તો ના હોવો જોઈએ.**

ચોવીસેય તીર્થંકરો બોલ્યા કે એકાંત શૈયાસન ! આવું કેમ બોલ્યા ? બે પ્રકૃતિ ભેગી થઈ, તે શૈયાસન માટે કામનું જ નથી. કારણ કે બે પ્રકૃતિ એકાકાર સંપૂર્ણ 'એડજસ્ટેબલ' હોય નહીં. તેથી 'ડિસ્એડજસ્ટ' થયા કરવાની અને તેથી સંસાર ઊભો થવાનો. એટલે ભગવાને શોધખોળ કરેલી કે એકાંત શૈયા અને આસન.

કોઈ દહાડો બે એક ના થાય. ગમે તેટલું કરીએ તોય એક થાય ? જ્યારે પાછા છૂટા થાય ત્યારે બે ના રહે ? પછી હું ને તું કર્યા કરે ને ? 'હું જ છું, હું જ છું' એવું ના કરે ? તેથી 'જ્ઞાની પુરુષો' એકાંત શૈયાસન ખોળે. કોઈ દહાડો બેના એક થઈ જશે પણ કાયમી એક રહેવાતું નથી અને પાછો ડખો થશે, એના કરતાં એક સિંગલ ગોદડી પાથરી દો કે ભાંજગડ જ મટી જાય ! અને જો કોઈને 'જેલ' હોય, તો 'જેલ' તો પૂરી કરવી જ પડશે ને ? પચ્ચીસ વરસની ટીપ (સજા) હોય તો પચ્ચીસ વર્ષ, ને ચાળીસ વર્ષની હોય તો ચાળીસ વર્ષ, પૂરા તો કરવા જ પડે ને ? પણ ભાવના કેવી રાખવી જોઈએ ? એકાંત શૈયાસનની ! શૈયા અને આસન એકાંત, એ જ્ઞાનીઓએ પસંદ કરેલો માર્ગ કે બેમાં મઝા નથી. બેનું એક થાય છે ખરું, પણ એકનું પાછું બેના બે જ થઈ જાય છે. એટલે આ જોડે છે એટલો વખત જેલ માનવાની. જેલમાં છૂટકો જ નહીં ને ! પોલીસવાળો કહે એમ કરવું પડે. ભગવાનની અહિંસાવાળો કેવો હોય ? એકાંત શૈયાસનવાળો હોય. ભલે બધા જોડે ઊઠે-બેસે, પણ એકાંત શૈયાસન હોય.

એકાંત શૈયાસુખ ગુણ ઉત્પન્ન થયા પછી જ સાચું સુખ ઉત્પન્ન થાય. જ્યારે સામી વ્યક્તિને આરપાર જોતા આવડે ત્યારે એકાંત શૈયાસુખ નામનો ગુણ ઉત્પન્ન થાય. પછી તેને એકલા જ રહેવાનું અને એકાંત જ વધારે સુખકર લાગે. પછી એને સાચી મસ્તી ઉત્પન્ન થાય. મહીં સુખ તો ભરપટ્ટે પડ્યું છે, તે પ્રગટ થાય.

એકાંત શૈયાસન; એક આસન અને એક શૈયા થાય ત્યારે પરમ સુખિયો થયો, જે અમારો ઘણા વર્ષોથી રિવાજ છે. ને વીતરાગી મસ્તી અનુભવીએ છીએ. આ દાદાનું પદ જો તમને એક જ કલાક મળી જાય તો કાયમનો મારા જેવો સુખિયો થઈ જાય. બાકી સ્ત્રી હોય ત્યાં સુધી કોઈએ મોક્ષની

તો આશા જ રાખવી નહીં. 'વિષય હોય ત્યાં સુધી આત્મા જ જાણ્યો નથી' એમ કહેવાય. સ્ત્રીના ઉપર દૃષ્ટિ થતી હોય તો એણે આત્મા સહેજેય, અંશેય જાણ્યો નથી. તેણે આત્મસુખ અનુભવ્યું નથી ! નહીં તો આત્મસુખ તો કેવું હોય !

જ્યાં સુધી વિષય હોય ત્યાં સુધી આત્માનો સ્પર્શ જ ના થાય, કોઈ દહાડોય સ્પર્શ ના થાય. એટલું જ ચેતવાનું કહીએ છીએ. આટલું જ જીતવાનું છે, સ્ત્રી-વિષય ! એટલે સ્ત્રી તરફની દૃષ્ટિ થઈ, એ તરફનો વિચાર પણ આવ્યો કે ખલાસ થઈ ગયો, મોક્ષનો પાયો જ ઊડી ગયો. મોક્ષની ઈચ્છા તો બધી બહુ છે, પણ મોક્ષનો રસ્તો મળતો નથી. એટલે અનંત અવતારથી રઝળપાટ જ કર્યા છે અને અવલંબન વગર જીવાતું નથી. એટલે સ્ત્રી જોઈએ છે, બધું જોઈએ છે. પૈણે છે, તેય આધાર ખોળે છે. તેથી પૈણે છે ને ! માણસ નિરાધાર રહી શકે નહીં ને ! નિરાલંબ રહી શકે નહીં ને ! જ્ઞાની પુરુષ સિવાય બીજું કોઈ નિરાલંબ રહી શકે નહીં, અવલંબન ખોળે જ કશું !

### (સૂત્ર - ૨૦)

### રિસર્ચ તો નિર્વિષયી હોય તે કરી શકે, વિષયી માણસ રિસર્ચ કરી શકે જ નહીં.

બાકી વિષયભોગ એ તો નર્યો એંઠવાડો જ છે, આખી દુનિયાનો એંઠવાડો છે. આત્માનો આવો ખોરાક તે હોતો હશે ? આત્માને બહારની કશી વસ્તુની જરૂર નથી, નિરાલંબ છે. કોઈ અવલંબનની એને જરૂર નથી. પરમાત્મા જ છે પોતે. નિરાલંબ અનુભવમાં આવે, એટલે પરમાત્મા થઈ જ ગયો ! એને કશું જ અડે નહીં. ભીંતોની આરપાર ચાલ્યો જાય એવો આત્મા અંદર છે, અનંત સુખનું ધામ છે.

આ ખોખાને આપણે શું કરવાનું ? ખોખું તો કાલે સડી જાય, પડી જાય, કોહવાઈ જાય. ખોખું તો શાનું બનેલું છે, એ આપણે નથી જાણતા ? છતાં લોકો ભૂલી જાય છે ને ? ભૂલી જતા હશે લોકો ? પણ આ ખોખું તમનેય ભૂલથાપ ખવડાવી દે. અમારે જ્ઞાની પુરુષને આમ આરપાર દેખાય. કપડાં બધા હોય છતાં કપડાંની મહીં, ચામડીની મહીં જેમ છે તેમ યથાવત દેખાય. પછી રાગ ક્યાં થાય ? પોતે એક આત્મા જ જુએ ને બીજો બધો તો આ કચરો છે, સડેલો માલ છે. એમાં શું જોવા જેવું છે ? ત્યાં જ રાગ થાય છે, એ જ અજાયબી છે ને ! પોતે નથી જાણતો ? જાણે છે બધું જ, પણ એને આવી સમજ આપી નથી. જ્ઞાનીઓએ માલ પહેલેથી જ જોયેલો છે. આમાં નવું શું છે તે ? પાછો વહુની જોડે સૂઈ જાય છે. અલ્યા, આ માંસને જ દાબીને સૂઈ જાય છે ! પણ એ તો ભાન નથી ને ! એનું નામ જ મોહ ને ! અમને નિરંતર જાગૃતિ હોય, એવરી (દરેક) સેકન્ડ જાગૃતિ હોય, એટલે અમે બધું જાણીએ કે નર્યું માંસ જ છે આ બધું !

હવે આવી વાત કોઈ કરતું નથી ને ! કારણ લોકોને વિષય ગમે છે. એટલે આ વાત કાઢે નહીં ને કોઈ ! જે નિર્વિષયી છે એ જ આ વાત કાઢે, નહીં તો આવું ખુલમ્ ખુલ્લું કોણ કહે ? છેવટે તો આ બધું છોડ્યા વગર છૂટકો જ નથી. તમે અમને કહો કે મારે બ્રહ્મચર્યવ્રત લેવું છે, તો અમે હા પાડીએ. શાથી, કે ભઈ, બહુ સારું છે બા, ખરો સુખી થવાનો માર્ગ જ આ છે, જો ઉદય તમારો હોય તો. નહીં તો પૈણો. પૈણીને અનુભવો. એક ફેરો અનુભવ થયો એટલે પછી બીજા અવતારમાં છૂટી જશે.

**પ્રશ્નકર્તા :** કો'ક છૂટી જાય, નહીં તો બાકી છૂટવું મુશ્કેલ છે.

**દાદાશ્રી :** એ અનુભવને નોંધ કરે તો છૂટે. અમે તો ક્ષણે ક્ષણે નોંધ કરવાવાળા.

**પ્રશ્નકર્તા :** એવો તો કો'ક જ નોંધ કરવાવાળો હોય, નહીં તો કીચડમાં ઊતરતો જ જાય.

**દાદાશ્રી :** હા, એ તો કાદવ જ છે, ઊંડો કાદવ છે. એમાં ઊતરતો જ જાય. રિસર્ચ (શોધખોળ) તો નિર્વિષયી હોય તે કરી શકે, વિષયી માણસ રિસર્ચ કરી શકે જ નહીં.

## (સૂત્ર - ૨૧)

**આત્માનો સ્પષ્ટ અનુભવ કરવો હોય તો વિષય છ-બાર મહિના બંધ કરવા. આ બધા અનુભવ તો થયા કરે છે, પણ બંને જોડે રહે તો ખબર ન પડે કે 'સુગંધી' ક્યાંથી આવે છે ?**

મોટામાં મોટી હરકત તો બહાર બધે દૃષ્ટિ ખરાબ રાખવી તે છે. બીજું, એથી આગળ આમાં શું કરવું પડે કે આ જેમ વરસમાં સ્કૂલમાં દોઢ મહિનો રજા પડે છે એવું આ વિષયમાં જો એવી છ મહિના રજા લઈ લે તો એને ખબર પડી જાય કે આ સુખ ક્યાંથી આવે છે ? એટલે આ તો તેને સુખ આવે છે એ ચોક્કસ, પણ પરીક્ષા થતી નથી કે સાચું સુખ આમાં કયું ? અમને જુઓ ને, ચોવીસેય કલાક એકલા રૂમમાં બેસાડી રાખે ને, તોય એ જ આનંદ હોય, જોડે કોઈ એકાદ માણસ હોય તોય એ જ આનંદ હોય અને લાખો માણસ હોય તોય એ જ આનંદ હોય. એનું કારણ શું ? અમારે નિરાલંબ સુખ ઉત્પન્ન થાય, અવલંબન જોઈએ નહીં. જગત આખુંય, જીવમાત્ર પરસ્પર છે, એટલે એકબીજાનું અવલંબન જોઈએ. તેથી તો આ લોકોએ લગ્નની શોધખોળ કરેલી કે લગ્ન કરો, પછી સામસામી અવલંબન મળી રહે !

'હું શુદ્ધાત્મા છું' એ શબ્દનું અવલંબન છે ! પણ એ લીલી ઝંડીનો પ્રવેશ છે ! અને છેલ્લામાં છેલ્લું નિરાલંબ આત્મા, એને શબ્દનું કે કોઈ અવલંબન નહીં, એવો નિરાલંબ આત્મા ! ત્યાં સુધી હવે ગાડી ચાલે. પણ એક ફેરો શબ્દાવલંબનથી ગાડી ચાલવી જોઈએ અને એ શબ્દાવલંબનવાળો શુદ્ધાત્મા અનુભવ હઉ આપે ! એટલે પૂછવા જેવું કશું નથી. આત્મા એકલો જ જાણવા જેવો છે. જે 'લક્ષ'માં આવ્યો, એ આત્મા જ જાણવા જેવો છે. આ માર્ગ સરળ છે, સહજ છે, સુગમ છે. પોતાની જાતને લક્ષમાં રાખી બધું પૂછવું, પુદ્‌ગલનું ધ્યાન રાખવાની જરૂર નથી. આત્મા તમારી પાસે રહ્યો, તેનું ધ્યાન રાખવાનું છે. આત્માનો સ્પષ્ટ અનુભવ કરવો હોય તો વિષય છ-બાર મહિના બંધ કરવા. આ બધા અનુભવ તો થયા કરે છે, પણ બંને જોડે રહે તો ખબર ન પડે કે 'સુગંધી' ક્યાંથી આવે છે ? અમારી આજ્ઞાનો અમલ કર્યા પછી પ્રતિક્રમણ કરવાની શરૂઆત કરો. પછી જ એ વિષય છૂટશે. અમારું આ જ્ઞાન, આ જે જે વાત કરીએ છીએ ને, એ બધાનો અમલ કર્યા પછી મહિનો મહિનો દોષોના પ્રતિક્રમણ કરો. એટલે આપણને પોતાને ખાતરી થઈ જાય કે આ જ સાચું છે.

## (સૂત્ર - ૨૨)

**જ્ઞાન એવી વસ્તુ છે કે જેને જાણી રાખવાની જરૂર છે. જ્ઞાન જાણવાનું છે ને એ જાણેલું જ્યારે દર્શનમાં આવે છે, 'બિલીફ'માં આવે છે, ત્યારે વિષય બધા ઊડી જાય.**

જગતના લોકોએ કહ્યું, 'પરસ્પર દેવો ભવઃ' અલ્યા, પણ ક્યાં સુધી પરસ્પર ? એટલે નિરાલંબ જે સુખ છે, તેય વાત જ જુદી ને ! અરે, શુદ્ધાત્માનું સુખ છે, તેય વાત જ જુદી ને ! 'હું શુદ્ધાત્મા છું' કહ્યું કે બહારનો વિચાર બધો ખરી પડે. જેને 'શુદ્ધાત્મામાં જ સુખ છે' એવું યથાર્થપણે સમજાઈ જાય, તેને વિષયમાં સુખ ના રહે.

જ્ઞાન એવી વસ્તુ છે કે જેને જાણી રાખવાની જરૂર છે. જ્ઞાન જાણવાનું છે ને એ જાણેલું જ્યારે દર્શનમાં આવે છે, 'બિલીફ'માં આવે છે, ત્યારે વિષય બધા ઊડી જાય.

આ જ્ઞાન તો બહુ સરસ છે, પણ હવે પેલો

ચેતક મજબૂત કરી લેવાનો છે. વિષયમાં સુખ છે, ત્યાં 'ચેતક' બેસાડવાની જરૂર છે.

આપણે એ ચેતકના જ્ઞાતા-દ્રષ્ટા અને ચેતક એ 'ચંદુભાઈ'ને ચેત, ચેત ચેતવ્યા કરે. 'ચંદુભાઈ' ચેતકનું ગણકારે છે કે નહીં એ આપણે જોવાનું.

સુખની 'બિલીફ' તો સ્વરૂપમાં જ રહેવી જોઈએ. વિષયમાં સુખ છે એ 'બિલીફ'માં જ ના રહેવું જોઈએ. એ તો કેવળદર્શનની પેઠ સ્વરૂપમાં જ સુખ છે એવું 'બિલીફ'માં રહેવું જોઈએ. એવી રીતે આપણે ચેતક મજબૂત કરી લીધો હોય, પછી વાંધો નહીં.

માણસને સુખ જ જોઈએ છે. તે સુખ મળતું હોય તો પછી કાદવમાં હાથ ઘાલવા કોઈ તૈયાર ના થાય. આ તો બહાર તાપ લાગે છે એટલે આ કાદવમાં હાથ ઘાલે છે, ઠંડક લાગે એટલા માટે, નહીં તો કાદવમાં કોઈ હાથ ઘાલતું હશે ? પણ શું થાય ?

હવે તમને એક ફેરો અનુભવથી સમજાયું કે આ જ્ઞાનમાં વિષય સિવાય બહુ સુંદર સુખ રહે છે. એટલે પછી તમને વિષયો ગમતા બંધ થઈ જાય. આ જ્ઞાન એવું છે કે વિષય સિવાય પણ બહુ સુંદર સુખ રહે છે. એટલે પછી બધા વિષયો એની મેળે આપોઆપ છૂટી જાય, બધા ખરી પડે, પણ એ બધો અનુભવ કરી કરીને ગેડ પડે ત્યારે !

## (સૂત્ર - ૨૩)

**મિશ્રચેતનમાં જો સપડાયો તો આત્મા પ્રાપ્ત કર્યો હોય, તો પણ એને રખડાવી મારે.**

એટલે આમાં સાચું સુખ જ નથી. આ તો બધું કલ્પિત સુખ કહેવાય. વિષયોમાંય કલ્પિત સુખ છે અને બીજી વસ્તુઓમાંય કલ્પિત સુખ છે. સાચું સુખ આત્મામાં છે. સનાતન સુખ, એ ક્યારેય જાય નહીં. આ અમારે ક્યારે સુખ જતું જ નથી ને ! જો તારે બ્રહ્મચર્ય પાળવું હોય તો આટલું ચેતવાનું કે પરપુરુષનો વિચાર પણ ના આવવો જોઈએ. ને વિચાર આવ્યો ત્યાંથી ધોઈ નાખવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** આપે કહેલું મિશ્રચેતનથી ચેતજે.

**દાદાશ્રી :** બસ, એ મિશ્રચેતનથી જે ચેત્યો, એનું કલ્યાણ થઈ ગયું ! એક શુદ્ધ ચેતન છે અને એક મિશ્રચેતન છે. તે મિશ્રચેતનમાં જો સપડાયો તો આત્મા પ્રાપ્ત કર્યો હોય, તો પણ એને રખડાવી મારે. એટલે આમાં વિકારી સંબંધ થયો તો રઝળપાટ થાય. કારણ કે આપણે મોક્ષે જવું છે અને એ ભાઈ છે, તે જાનવરમાં જવાના હોય તો આપણને ત્યાં ખેંચી જાય. સંબંધ થયો એટલે ત્યાં જવું પડે. માટે વિકારી સંબંધ ઊભો જ ના થાય એટલું જ જોવાનું. મનથીય બગડેલા ના હોય ત્યારે ચારિત્ર કહેવાય. ત્યારે પછી આ બધા તૈયાર થઈ જાય. મન બગડેલા એ તો પછી ફ્રેકચર થઈ જાય, નહીં તો એક-એક છોકરીમાં કેટલી કેટલી શક્તિ હોય ! એ કંઈ જેવી તેવી શક્તિ હોય ? આ તો હિન્દુસ્તાનની બહેનો હોય અને વીતરાગનું વિજ્ઞાન પાસે હોય, પછી શું બાકી રહે ?

ચારિત્ર સંબંધી વાતચીત મા-બાપ પોતાની છોકરીને શી રીતે કરી શકે ? તો એ કોણ વાતચીત કરી શકે ? એક 'જ્ઞાની પુરુષ' એકલા જ વાતચીત કરી શકે. કારણ કે જ્ઞાની કોઈ લિંગમાં ના હોય. એ પુરુષ લિંગમાં ના હોય, સ્ત્રી લિંગમાં ના હોય કે નપુંસક લિંગમાં ના હોય. એ તો આઉટ ઑફ લિંગ હોય. જમાનો બહુ વિચિત્ર આવ્યો છે, લપસણો કાળ છે, છોકરીઓને કોઈ જ્ઞાન છે નહીં, આગળનું માર્ગદર્શન નથી. આ છોકરીઓને કેટલી બધી મુશ્કેલીઓ છે ! એટલે આ માર્ગદર્શન આપું છું.

તેથી આ જ્ઞાન નીકળ્યું. મારી ઘણા વખતથી

ઈચ્છા હતી કે આવું જ્ઞાન નીકળે, પણ તેનો ટાઈમ બાઝવો જોઈએ ને ! આ જ્ઞાન આટલાને તો મળ્યું. બધાનેય જરૂર તો ખરી ને ? આ જ્ઞાનની તો બધાને જરૂર હોય !

આ તો બ્રહ્મચર્ય વ્રત પાળવું છે, એ કંઈ નાના છોકરાંના ખેલ નથી ! વિષય વિચાર જ ના આવવો જોઈએ અને આવે તો તેને તરત પ્રતિક્રમણ કરી ધોઈ નાખવાનું. વિચાર તો આવે જ. આ કળિયુગમાં તો નર્યા એવા વિચારો આવે જ ! પણ એને ધોઈ નાખવાના.

**પ્રશ્નકર્તા :** વિષયમાં આનંદનું આપણે આરોપણ કરેલું છે, એટલે એ આવે છે, પણ આપણને બ્રહ્મના આનંદની અનુભૂતિ થાય તો પેલો આનંદ ઑટોમેટિક છૂટી જાય.

**દાદાશ્રી :** હા, કારણ કે જલેબી ખાધા પછી ચા પીવો, તો એની મેળે જ ન્યાય થઈ જશે ને ! એમ આત્માનો આનંદ ચાખ્યા પછી વિષયો એની મેળે જ મોળા પડી જાય.

### (સૂત્ર - ૨૪)

**આ વિષયથી છૂટાય એવા ભાવ રાખવા. વિષય છે તેથી મિશ્રચેતન ભેગું થાય છે. આ મિશ્રચેતન એકલું નડે છે, બીજું કશું જ નડે એવું નથી.**

આ વિજ્ઞાન છે, સંપૂર્ણભાવે વિજ્ઞાન છે. દેવતાને કેમ અડતા નથી ? ત્યાં કેમ ચોક્કસ રહે છે ? કારણ કે એનું ફળ તરત જ મળે છે. અને વિષયમાં તો પહેલી લાલચ થાય છે, એટલે લાલચથી ફસાય છે. આ દેવતા અડેલો સારો, તેનો ઉપાય છે. પછી ગમે તે ચોપડીએ તો ઠંડું પડી જાય. પણ પેલું તો અત્યારે લાલચમાં ફસાવી અને પાછો આવતો ભવ દેખાડે. આ તો આપણા જ્ઞાનનેય ધક્કો મારનારું છે. આવું મોટું વિજ્ઞાન છે, એનેય ધક્કો મારે એવું છે, માટે ચેતવું.

ખાવા-પીવાના આકર્ષણોનો વાંધો નથી. કેરી ખાવી હોય તો ખાજો. જલેબી, લાડવા ખાજો. એમાં સામો દાવો માંડનાર નહીં ને ! 'વન સાઈડેડ'(એક તરફી)નો વાંધો નથી. આ 'ટુ સાઈડેડ' (બે તરફી) થશે કે જવાબદારી રહેશે. તમે કહેશો કે 'મારે હવે નથી જોઈતું.' તો એ કહેશે કે 'મારે જોઈએ છે.' તમે કહો કે 'મારે માથેરાન નથી જવું', તો તે કહેશે કે 'મારે માથેરાન જવું છે.' આનાથી તો ઉપાધિ થાય. આપણી સ્વતંત્રતા ખોવાઈ જાય. માટે ચેતતા રહેવું ! આ બહુ સમજવા જેવી ચીજ છે. આને ઝીણવટથી સમજી રાખે તો કામ નીકળી જાય !

જેને સંપૂર્ણ થવું હોય, તેને તો વિષય હોવો જ ના જોઈએ અને તેય એવો નિયમ નથી. એ તો છેલ્લા અવતારમાં છેલ્લાં પંદર વર્ષ છૂટી ગયું હોય, તો બસ થઈ ગયું ! આની કંઈ ભવોભવ કસરત કરવાની જરૂર નથી કે ત્યાગ લેવાનીય જરૂર નથી. ત્યાગ સહજ હોવો જોઈએ કે એની મેળે જ છૂટી જાય ! નિયાણું એવું રાખવું કે મોક્ષે જતાં સુધી જે બે-ચાર અવતાર થાય, તે પૈણ્યા વગરના જાય તો સારું. એનાં જેવું એકેય નહીં. નિયાણું જ એવું રાખવું તે ! પછી જે થાય તે દેખ લેંગે ! અને જો આ એક બોજો ગયો ને, તો બધાય બોજા ગયા ! આ એક છે તો બધુંય છે !

માટે આ વિષયથી છૂટાય એવા ભાવ રાખવા. વિષય છે તેથી મિશ્રચેતન ભેગું થાય છે. આ મિશ્રચેતન એકલું નડે છે, બીજું આ સંસારમાં કંઈ નડે એવું નથી. સ્ત્રી-પુરુષો આ જ્ઞાન મળ્યા પછી 'આ' વ્યવહારમાં જો બહુ જાગૃતિ રાખે તો કામ કાઢી નાખે. સંસારી બીજી કટેવો હોય તે તો એકપક્ષી છે, જ્યારે આ તો મિશ્રચેતન જોડેનો વ્યવહાર છે. મિશ્રચેતન જોડે આ વ્યવહાર બંધ થઈ ગયો એનું તો કામ જ થઈ ગયું ! એ ભગવાન થઈ જાય !

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### ઈન્દોર

**૯-૧૦ જાન્યુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૫ થી ૮ - **સત્સંગ** તથા **૧૧ જાન્યુ.** (રવિ) સાંજે ૪-૩૦ થી ૮ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** બાસ્કેટબોલ કોમ્પ્લેક્ષ, રેસકોર્સ રોડ, ઈન્દોર. **સંપર્ક :** 9644544455

### થાણે ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**૩૦ જાન્યુઆરી** (શુક્ર) સવારે ૧૦ થી ૧૨-૪૫ - શ્રી શિવ મંદિરમાં સ્થાપિત બધા ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા
**૩૧ જાન્યુઆરી** (શનિ) સવારે ૧૦ થી ૧૨-૪૫ - શ્રી કૃષ્ણ મંદિરમાં સ્થાપિત બધા ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા
સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**
**૧ ફેબ્રુઆરી** (રવિ) સવારે ૧૦ થી ૧૨-૪૫ - શ્રી સીમંધર સ્વામી મંદિરમાં સ્થાપિત બધા ભગવંતોની પ્રાણપ્રતિષ્ઠા
**સ્થળ : ત્રિમંદિર**, ગ્લોબલ હોસ્પિટલની બાજુમાં, બાલકુમ પાડા, માજીવડા, થાણે, મહારાષ્ટ્ર. **સંપર્ક :** 9323528901
**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમમાં ઉતારાની વ્યવસ્થા મહાત્માઓએ જાતે કરવાની રહેશે. પ્રાણપ્રતિષ્ઠામાં ભાગ લેવા **'Akonnect'** મોબાઈલ એપ પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

### રાજકોટ

**૭ & ૯ ફેબ્રુઆરી** (શનિ-સોમ) સાંજે ૭ થી ૧૦ - **સત્સંગ** તથા **૮ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** ઓપન ગ્રાઉન્ડ, મવડી ઈન્ડોર સ્ટેડિયમ સામે, ૮૦ ફૂટ રોડ, મવડી, રાજકોટ. **સંપર્ક :** 9909977440

### વેરાવળ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

**૧૩ ફેબ્રુઆરી** (શુક્ર) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧૪ ફેબ્રુઆરી** (શનિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**૧૫ ફેબ્રુઆરી** (રવિ) - **પ્રાણપ્રતિષ્ઠા** : સવારે ૧૦ થી ૧૨-૩૦
- **પ્રક્ષાલ-પૂજન-આરતી** : સાંજે ૪-૩૦ થી ૭-૩૦

**સ્થળ : ત્રિમંદિર,** ડિવાઈન રિસોર્ટ પાસે, છત્રોડા સર્વિસ રોડ, વેરાવળ. **સંપર્ક :** 9924344459
**વિશેષ સૂચના :** પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ એક દિવસનો હોવાથી રહેવાની સુવિધા નથી. જે મહાત્મા-મુમુક્ષુઓ પ્રતિષ્ઠાના દિવસે સીધા જ મહોત્સવ સ્થળ પર પહોંચશે, તેમના માટે બાથરૂમ-ટોઈલેટની સુવિધા રહેશે.

### અડાલજ

**૨૧ ફેબ્રુઆરી** (શનિ) સાંજે ૫ થી ૭ - **સત્સંગ** તથા **૨૨ ફેબ્રુઆરી** (રવિ) સાંજે ૪ થી ૭-૩૦ - **જ્ઞાનવિધિ**

### દિલ્હી

**૨૭-૨૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ) સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧ માર્ચ** (રવિ) સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ :** JMD ટેન્ટ્સ, સ્વર્ણ જયંતી પાર્ક, સેક્ટર ૧૦, રોહિણી, દિલ્હી. **સંપર્ક :** 8920648993

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## વડોદરા : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૨૮ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫



## અડાલજ : પૂજ્ય નીરુમાનો ૮૨મો જન્મદિવસ : તા. ૨ ડિસેમ્બર ૨૦૨૫




પ્રભાત ફેરી

પૂજ્ય નીરુમાની સમાધિએ

ફૂડ મેળા

કીર્તનભક્તિ

## અમદાવાદ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા. ૧૨ થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૫



જાન્યુઆરી ૨૦૨૬
વર્ષ-૩૧, અંક-૫
સળંગ અંક-૩૬૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## મિશ્ર ચેતનથી આખો સંસાર ઊભો

ભગવાને કહેલું કે, વાવમાં જઈને સ્પંદન કરજે, પણ આ મિશ્ર ચેતન આગળ સ્પંદન ના કરીશ. મિશ્ર ચેતન જોડે સ્વાભાવિક વ્યવહાર હોય તેનો વાંધો નથી, પણ ત્યાં આગળ સ્લીપ ના થવો જોઈએ. કોઈ લપસે ત્યારે અમે ચેતવીએ. અચેતન હોય ત્યાં વાંધો નથી. આ મિશ્ર ચેતન વચ્ચે આવે તો અમે ચેતવીએ. અલ્યા, અહંકારે કરીનેય ચેત, ગાફેલ રહે એ ના ચાલે. નહીં તો બીજા ભવ બગડે. આ ભજિયાં દાવો માંડે કે અમારી સાથે ભોગ કેમ ભોગવો છો ? ના, એ ના માંડે. કારણ કે એ અચેતન છે. જ્યારે મિશ્ર ચેતન તો દાવો માંડે. કેમ કે એને મહીં ઠંડક નથી. એને મહીં ભારે બળતરા છે, તેને લીધે જ દાવો માંડે છે. મિશ્ર ચેતન એ મોક્ષ તો ના થવા દે પણ મહીં જે સુખ આવતું હોય તેનોય અવરોધ કરે.

- દાદાશ્રી

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, એચ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.